
Thursday, 19 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



શક્તિના અભાવમાં વિશ્વાસ વ્યર્થ છે. વિશ્વાસ અને શક્તિ બંને કોઈ મહાન કામને કરવા માટે આવશ્યક છે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૪ ● સંવત-૨૦૮૩ કારતક સુદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

પ્રશાસક પ્રફુલભાઈ પટેલે દીવ જિલ્લામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટોનું કર્યું નિરીક્ષણ

■ વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિ અને ગુણવત્તાની સમીક્ષા કરી અધિકારીઓને આપેલું જરૂરી માર્ગદર્શન ■ 'નિર્ધારિત સમયમર્યાદામાં તમામ વિકાસ કાર્યો પૂર્ણ કરવા' કોન્ટ્રાક્ટરો અને વિભાગીય અધિકારીઓને પ્રશાસકશ્રીએ આપેલો કડક નિર્દેશ









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૮

દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ દીવ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવા માટે સત્તાવાર મુલાકાતે પહોંચ્યા છે.

મુલાકાતના પહેલા દિવસે, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દીવ જિલ્લાના વિવિધ મહત્ત્વપૂર્ણ સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું અને ચાલુ વિકાસ કાર્યોની પ્રગતિ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન, તેમણે પદ્મભૂષણ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, મલાલા નાગવા એરપોર્ટ રોડ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨૫૧, જલંધર સર્કિટ હાઉસનું વિસ્તરણ કાર્ય, એનેક્સી સર્કિટ હાઉસનું વિસ્તરણ કાર્ય, જેઠીબાઈ બસ સ્ટેન્ડ, બસ સ્ટેન્ડની સામેનો રસ્તો અને જૂના દીવ-ઘોઘલા પુલનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, પ્રશાસકશ્રીએ દીવ મ્યુઝિયમ, દીવ ફોર્ટ હાઉસ એક્સટેન્શન, દીવ ફોર્ટ, અર્બન સ્ટ્રીટ, ઘોઘલા - ODR-7 નજીક, ઘોઘલા સ્ટ્રીટ, ઘોઘલા ખાતે કેબલ કાર સાઇટ, ઘોઘલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ઘોઘલા પ્રવેશદ્વારનું નિરીક્ષણ કર્યું હતું.

નિરીક્ષણ દરમિયાન, પ્રશાસકશ્રીએ સંબંધિત પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ, બાંધકામ કાર્યની ગુણવત્તા અને નિર્ધારિત સમયમર્યાદા મુજબ થઈ રહેલી પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત કોન્ટ્રાક્ટરો અને વિભાગીય અધિકારીઓને 'નિર્ધારિત સમયમર્યાદામાં તમામ વિકાસ કાર્યો પૂર્ણ કરવા' અને બાંધકામ કાર્યોમાં નિર્ધારિત ગુણવત્તા ધોરણોનું કડક પાલન કરવા નિર્દેશ આપ્યો હતો.

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દીવ મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, વિકાસ કાર્યની ગુણવત્તા સાથે કોઈ સમાધાન સ્વીકાર્ય રહેશે નહીં. તમામ પ્રોજેક્ટ્સ ઉચ્ચ ગુણવત્તા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થવા જોઈએ, અને કાર્યના અમલીકરણમાં કોઈ બેદરકારી દાખવવી જોઈએ નહીં.

જિલ્લા ભાજપ અધ્યક્ષ ભરતભાઈ પટેલના નેતૃત્વમાં

દમણમાં આગામી મંગળવારે આયોજીત 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાના સંબંધમાં જિલ્લા ભાજપે સંગઠનને ચડાવેલો જોમ અને જુસ્સો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૮

દમણ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે દમણ પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રાની પૂર્વ તૈયારી માટે મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

દમણ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી ભરતભાઈ પટેલે આગામી તા.૨૪મી નવેમ્બરના સાંજે ૪:૩૦ કલાકે આયોજીત 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રામાં દરેક ગામ, પંચાયત અને શહેરમાંથી દમણ જિલ્લાના મતદારો અને તેમના સગા-સંબંધીઓ જોડાય તે પ્રકારની વ્યવસ્થા કરવા ભારપૂર્વક તાકિદ કરી હતી. આજની બેઠકમાં ભાજપના પ્રદેશ મીડિયા સંયોજક શ્રી મજીદભાઈ લધાણીની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી અને તેમણે મનનીય માર્ગદર્શન પણ આપ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સેલવાસ દ્વારા

ઉમરકુઈ ગ્રા.પં.માં ૨૩ નવેમ્બરના રોજ કાનૂની જાગૃતિ કાર્યક્રમ અને વિભાગીય સ્ટોલનું આયોજન કરાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૮

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સેલવાસ દ્વારા ઉમરકૂઈ ગામમાં કાનૂની જાગૃતિ અને પહોંચ વધારવા સંબંધી પ્રવૃત્તિઓ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ્ય સ્થાનિક નિવાસીઓને વિવિધ સરકારી વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલ કલ્યાણકારી યોજનાઓ અને સુવિધાઓ અંગે જાગૃત કરવાનો છે.

આ પહેલ અંતર્ગત ૨૩ નવેમ્બરના રોજ ઉમરકૂઈ ગામમાં દરેક વિભાગના સ્ટોલ લગાવવામાં આવશે. જેમા સબંધિત સરકારી વિભાગોના પ્રતિનિધિ ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ, એના લાભો, પાત્રતા શરત અને લાભોને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા અંગે જાણકારી અને માર્ગદર્શન આપશે.

સબંધિત અધિકારી અને વિભાગીય પ્રતિનિધિ સ્ટોલ પર ઉપસ્થિત રહેશે જે લાભાર્થીઓ અને નિવાસીઓને માર્ગદર્શન કરશે અને તેઓની સહાયતા કરશે.

ડાલસા તરફથી ઉમરકુઈના નિવાસીઓને સુચિત કરવામા આવે છે. દરેક પાત્ર નિવાસી આ યોજનાનો લાભ ઉઠાવે, આવશ્યક દસ્તાવેજ સાથે લાવે અને વિભાગીય સ્ટોલ પર પોતાનુ રજીસ્ટ્રેશન પૂર્ણ કરે અગર આપને કોઈ સમસ્યા આવે તે ડાલસા કાર્યાલય જઈ એની જાણકારી આપે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સરકારી જનકલ્યાણકારી યોજનાઓ સુધી લોકોની પહોંચને આસાન બનાવવાનો છે. જેથી પાત્ર લાભાર્થીઓના માટે ઉપલબ્ધ સુવિધાઓ અને લાભો અંગે ખબર પડી શકે.

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી શામળાજી વિષ્ણુ મંદિરને 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ'માં મળ્યું સ્થાન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)



શામળાજી, તા.૧૮ : આસ્થાના અદ્‌ભુત વારસા અને ભારતીય સંસ્કૃતિના ગૌરવ સમાન અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી શામળાજી વિષ્ણુ મંદિરને 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ'માં સ્થાન મળવું સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.

આપણાં ૧૫૦૦ વર્ષ પ્રાચીન ભવ્ય મંદિરની ઐતિહાસિક વિરાસત, અદ્વિતીય સ્થાપત્યકલા અને આધ્યાત્મિક મહત્તાને વૈશ્વિક સ્તરે નવી ઓળખ પ્રાપ્ત થઈ છે.

આ સિદ્ધિ શામળાજી મંદિરની ગૌરવશાળી પરંપરા અને સનાતન સંસ્કૃતિની સમૃદ્ધિનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે.

દાનહ તથા દમણ-દીવના ૬ તાઈક્વાન્ડો ખેલાડીઓ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લેશે

૨૦થી ૨૬ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન મહારાષ્ટ્રના પુણે ખાતે 'ઇન્ડિયા ઇન્ટરનેશનલ ઓપન તાઈક્વોન્ડો ચેમ્પિયનશિપ-૨૦૨૬' યોજાશે



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૮

દાનહ તથા દમણ-દીવના રમતગમત ક્ષેત્ર માટે ગૌરવ અને આનંદની વાત છે કે તાઈક્વાન્ડો એસોસિએશન ઓફ દાનહ તથા દમણ-દીવના છ પ્રતિભાશાળી ખેલાડીઓ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત તાઈક્વાન્ડો ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જઈ રહ્યા છે.

આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન ૨૦થી ૨૬ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન મહારાષ્ટ્રના પુણે સ્થિત શ્રી શિવ છત્રપતિ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવશે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધાનું આયોજન ઇન્ડિયા તાઈક્વાન્ડો દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ G1 આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં વિવિધ દેશોના ખેલાડીઓ પોતાની રમતની પ્રતિભા, કૌશલ્ય અને ક્ષમતાનું પ્રદર્શન કરશે.

કેન્દ્ર શાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓ : જુનિયર કેટેગરીમાં ૧. કાવ્યા દેસાઈ ૨. કૃષિ ગોસ્વામી જ્યારે સબ-જુનિયર અને કેડેટ કેટેગરીમાં ૩. પૃથ્વીરાજ ૪. અહાના પટેલ, ૫. નમી પટેલ ૬. ઓનર આ છ ખેલાડીઓની આંતરરાષ્ટ્રીય

- (વધુ પાના નં.૨ પર)





સુવિચાર - સદ્‌વિચાર

સફળતાનો માર્ગ અને નિષ્ફળતાનો રસ્તો
લગભગ એક સરખો છે

કવિતા

સૂની પડેલી સાંજને આવી સજાવ તું,

સૂની પડેલી સાંજને આવી સજાવ તું,
ખાલી થયેલી વાવમાં પાણી નખાવ તું.

જો શક્ય હો તો આંખની સામે જ આવ તું,
શાને કરે છે આંખમાંથી આવજાવ તું?

હું પણ હજુયે યાદ છું એ વાત કર કબૂલ,
નહિતર આ મારી વાતને ખોટી પડાવ તું!

પ્રત્યેક પળને સાચવી હંકારવા છતાં,
હોડી અમારી જ્યાં ડૂબેલી એ તળાવ તું,

આ એ જ સપનું જે મને રાતે જગાડતું
કંઈ પણ કરીને આજ તો પાછું વળાવ તું.

- અંકિત ત્રિવેદી

આજની જોક

ગણિતના શિક્ષક ખાલી ડબામાં રોટલી ડુબાડીને ખાતા હતા.
ગુજરાતીના શિક્ષક : અલા ડબામાં શાક તો નથી.
ગણિતના શિક્ષક : મે શાકને એક્સ ધારેલ છે.

કબીર વાણી



બોલી એક અનમોલ હે, જો કોઈ બોલે જાની
હિયે તરાજુ તોલ કે, તબ મુખ બાહર આની

-અર્થાત-

આ દોહામાં કબીરદાસજી કહેવા માંગે છે. જે લોકો એ વાત જાણે કે કે પોતાના શબ્દો અનમોલ છે. તે દરેક વાતને પોતાના હૃદયના ત્રાજવામાં તોલીને એટલે કે સારી રીતે સમજી વિચારીને બોલે છે.

ચાણક્ય ઉવાચ



ક્ષણશઃ કળશશ્ચૈવ વિદ્યા અર્થં ચ સાધયેત।
ક્ષણે નષ્ટે કુતો વિદ્યા કણે નષ્ટે કુતો ધનમ્ ॥

-અર્થાત-

જીવનમાં સમય અને ધન બન્ને અનમોલ છે. અને બન્ને જલ્દીથી જલ્દી પૂર્ણ થતા હોય છે. તેથી આપણે તેનો સારી રીતે સમજી વિચારીને ઉપયોગ કરવો જોઈએ.

આજનો દિન વિશેષ

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ (૧૯ નવેમ્બર ૧૮૨૮–૧૮ જૂન ૧૮૫૮)એક ભારતીય રાણી અને યોદ્ધા હતી. તે ૧૮૫૭ના ભારતીય વિદ્રોહના મહાન નેતાઓમાંના એક હતા.

જીવનચરિત્ર : મણિકર્ણિકાનો જન્મ એક મરાઠા પરિવારમાં થયો હતો. ૧૮૪૨માં તેમના લગ્ન ઝાંસીના મહારાજા ગંગાધર રાવ સાથે થયા હતા અને તેઓ ઝાંસીની રાણી બન્યા હતા. તેમના લગ્ન પછી, મણિકર્ણિકા લક્ષ્મીબાઈ બની, જેનું નામ દેવી લક્ષ્મીના માનમાં રાખવામાં આવ્યું. તેમના લગ્ન પહેલાં, તેઓ ચાબિલી (જેનો અર્થ ખુશખુશાલ રીતો) તરીકે ઓળખાતા હતા. સપ્ટેમ્બર ૧૮૫૧માં, રાણી લક્ષ્મીબાઈને એક પુત્ર, દામોદર રાવ થયો. તેમનું ચાર મહિનાની ઉંમરે અવસાન થયું. નવેમ્બર ૧૮૫૩માં રાજાના મૃત્યુના આગલા દિવસે, તેમણે તેમના પિતરાઈ ભાઈના બાળકને દત્તક લીધું. તેમનું નામ આનંદ રાવ હતું, પરંતુ તેમનું નામ તેમના વાસ્તવિક પુત્રના નામ પરથી દામોદર રાવ રાખવામાં આવ્યું. રાજાએ ભારતની બ્રિટિશ સરકારને એક પત્ર લખીને વિનંતી કરી હતી કે તેમના મૃત્યુ પછી તેમના જીવનકાળ દરમિયાન તેમની વિધવાને ઝાંસીના શાસક તરીકે માન્યતા આપવામાં આવે. તેમના પતિના મૃત્યુ પછી, બ્રિટિશ સરકારના વડાએ તેમના દત્તક પુત્રને રાજા બનવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો અને ઝાંસી પર અંગ્રેજોનું શાસન હતું. આ 'વિદાયના સિદ્ધાંત' દ્વારા કરવામાં આવ્યું હતું - જો કોઈ ભારતીય શાસક પુત્ર વિના મૃત્યુ પામે તો તેનો દત્તક પુત્ર તેનો ઉત્તરાધિકારી નહીં બને; પરંતુ તે રાજાની વ્યક્તિગત મિલકત તેના દત્તક પુત્રને જાય છે.

જૂન ૧૮૫૭માં ઝાંસીમાં બ્રિટિશરો ભારતીય સૈનિકો દ્વારા માર્યા ગયા પછી, રાણીએ અંગ્રેજો પાછા ન આવે ત્યાં સુધી કામચલાઉ વહીવટ સંભાળી લીધો. ઓરછા અને દતિયાના આક્રમણકારી દળોને હરાવવા માટે તેણીએ એક સૈન્ય બનાવવું પડ્યું. માર્ચ ૧૮૫૮માં, સર હ્યુ રોઝના નેતૃત્વમાં બ્રિટિશ દળો ઝાંસી આવ્યા જેથી રાણી પાસેથી શહેર પાછું મેળવી શકાય, જે હવે સ્વતંત્રતા ઇચ્છતી હતી. ભારે પ્રતિકાર બાદ ઝાંસીને ઘેરી લેવામાં આવ્યું અને કબજે કરવામાં આવ્યું. યુદ્ધમાં અને ત્યારબાદ શહેરના ઘણા લોકો માર્યા ગયા. રાણી કાલ્પી ભાગી ગઈ અને મરાઠા સેનાપતિ તાંત્યા ટોપે સાથે મળીને ગ્વાલિયર પર કબજો કર્યો. કોટાહ કી સરાઈના યુદ્ધમાં, જેમાં તેમની સેનાનો પરાજય થયો, રાણી લક્ષ્મીબાઈ ઘાયલ થયા અને ૧૮ જૂન ૧૮૫૮ ના રોજ તેમનું અવસાન થયું.

રેસીપી : ઉંબાડિયું

દક્ષિણ ગુજરાતની પ્રખ્યાત શિયાળુ વાનગી ઉંબાડિયું બનાવવા માટે કંદમૂળ, પાપડી અને લીલા મસાલાનો ઉપયોગ થાય છે.

જરૂરી સામગ્રી : મુખ્ય શાકભાજી અને કંદ : સુરતી પાપડી ૫૦૦ ગ્રામ, રતાળુ ૩૦૦-૫૦૦ ગ્રામ (મોટા ટુકડામાં સમારેલું), શક્કરિયા ૨૫૦-૫૦૦ ગ્રામ (મોટા ટુકડામાં સમારેલું), નાના બટાકા ૨૫૦ ગ્રામ, તુવેરના દાણા અથવા વાલોર ૧/૨ કપ, લીલો મસાલો, લીલા ધાણા ૩/૪ કપ, લીલું લસણ ૩/૪ કપ, લીલા મરચાં અને આદુ ૧/૩ કપ, લીલી હળદર (અથવા ૧/૨ ટીસ્પૂન હળદર પાવડર) ૨ ટેબલસ્પૂન, શેકેલા સીંગદાણાનો ભૂકો ૧/૨ કપ, મીઠું સ્વાદ મુજબ તેલ ૧/૨ કપ

બનાવવાની રીત : શાકભાજીમાં મસાલો ભેળવો પાપડી, રતાળુ, શક્કરિયા, બટાકા અને તુવેર/વાલોરને ધોઈને તૈયાર મસાલા સાથે સારી રીતે મિક્સ કરો જેથી દરેક ટુકડા પર મસાલાનો કોટ લાગે.

વાસણમાં ગોઠવણ કરો કૂકર અથવા જાડા તળિયાવાળા વાસણમાં નીચે થોડું તેલ અને બજર બટાની ભાજી (કે પાપડીના ફોતરાં/પાન) પાથરો, જેથી નીચેનો ભાગ બળે નહીં. તેના પર મસાલાવાળા કંદ અને પાપડી ગોઠવો.

ધીમા તાપે પકાવોઃ વાસણ પર ઢાંકણ બંધ કરી એકદમ ધીમા તાપે પકાવો (કૂકર હોય તો સીટી વગર અથવા ૧-૨ સીટી થાય ત્યાં સુધી, અને વચ્ચે-વચ્ચે હલાવતા રહો જેથી ચોંટે નહીં). ફુદીના મરચાની ચટણી સાથે પિરસો સાથે છાસ લઈ શકો છો

દિવાળીના પાવન પર્વે રાબડા સ્થિત 'માં વિશ્વંભરી' તીર્થધામમાં હજારો દર્શનાર્થીઓએ કરેલા દર્શન







૪૫ એકરમાં વિસ્તરેલા વિશાળ પરિસરના કોઈપણ ખૂણે ગંદકી કે કચરાનું નામો-નિશાન જોવા મળતું નથી, આટલી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓની અવરજવર હોવા છતાં સમગ્ર પરિસરમાં જળવાતી અણીશુદ્ધ સ્વચ્છતા અને અદ્‌ભૂત શિસ્ત સૌના માટે પ્રેરણારૂપ છે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૮

વલસાડ નજીક રાબડા ગામે પાવન પાર નદીના રમણીય તટ પર લીલીછમ વનરાઈ અને પ્રાકૃતિક વાતાવરણમાં આવેલું સુપ્રસિદ્ધ 'માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ' દિવાળી તથા નૂતન વર્ષના મંગલમય અવસરે ભક્તિ અને આસ્થાના કેન્દ્ર તરીકે ઝળહળી ઉઠ્યુ હતું. પંચકર્મી દિવ્ય રથમાં બિરાજમાન ભાગ્યવિધાતા - માં વિશ્વંભરીના ચૈતન્ય સ્વરૂપનાં દર્શનાર્થે દૂરદૂરથી ભક્તોનો અવિરત પ્રવાહ ઉમટી પડ્યો હતો. આ ધામમાં અસંખ્ય ભક્તોએ માં વિશ્વંભરીનાં દર્શન કરી ધન્યતા અને આત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

આ તીર્થધામની વિશિષ્ટતાઓ જે સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ બની છે : સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ દર્શન વ્યવસ્થા આ તીર્થધામની એક વિશિષ્ટ ઓળખ તેની શિસ્તબદ્ધ દર્શન વ્યવસ્થા છે. અહીં આવેલી પાઠશાળા (મંદિર) માં દરેક દર્શનાર્થી શાંતિપૂર્વક બેસીને દર્શન કરી શકે તેવી અદ્‌ભુત વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેના પરિણામે, મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ હોવા છતાં ક્યાંય ધક્કામુક્કી કે અવ્યવસ્થાનું દૃશ્ય જોવા મળ્યું નહોતું.

અણીશુદ્ધ સ્વચ્છતા: ૪૫ એકરમાં વિસ્તરેલા વિશાળ પરિસરના કોઈપણ ખૂણે ગંદકી કે કચરાનું નામો-નિશાન જોવા મળતું નથી. આટલી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓની અવરજવર હોવા છતાં સમગ્ર પરિસરમાં જળવાતી અણીશુદ્ધ સ્વચ્છતા અને અદ્‌ભુત શિસ્ત સૌના માટે પ્રેરણારૂપ છે. આ પવિત્ર વાતાવરણથી પ્રેરણા લઈને ભક્તો પણ પોતાના રોજિંદા જીવનમાં સ્વચ્છતા અને શિસ્તનું ચલન કરતાં થયાં છે.

વિશ્વ કલ્યાણ અને માનવ ઉત્થાનનો પવિત્ર સંકલ્પ: પૃથ્વીલોક પર સાત્વિકતામાં વૃદ્ધિ થાય એ માટે પવિત્ર ઘરમંદિર અને કર્મશીલ માતા-પિતાને ત્યાં પુણ્યશાળી અને દિવ્ય આત્માઓનું અવતરણ થાય તેમજ સનાતન વૈદિક સંસ્કૃતિ, આદર્શ કુટુંબ તથા આદર્શ સમાજ વ્યવસ્થા પુનઃપ્રસ્થાપિત થાય એવા વિશ્વ કલ્યાણ અને માનવ કલ્યાણના શુભાશય સાથે ધામના સ્થાપક શ્રી મહાપાત્ર દ્વારા આ અલૌકિક તીર્થધામનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સંપૂર્ણ આત્મનિર્ભર વ્યવસ્થા: આ તીર્થધામની સૌથી મોટી વિશેષતા તેની સંપૂર્ણ આત્મનિર્ભર વ્યવસ્થા છે. આ ધામના ભવ્ય નિર્માણથી લઈને વિશાળ ગૌશાળાના નિભાવ ખર્ચ કોઈ દાન, ભેટ-સોગાદ કે ચઢાવાથી નહીં, પરંતુ શ્રી મહાપાત્ર અને સમર્પિત ભક્તોના અથાક પરિશ્રમથી ૪૫ એકરની ફળદ્રુપ ભૂમિમાં કરવામાં આવતા ખેતી-ઉત્પાદનોની આવકમાંથી જ વહન કરવામાં આવે છે.

'સત્કર્મ એ જ શ્રેષ્ઠ ભક્તિ'ના ઉદાત્ત સિદ્ધાંતને સાકાર કરતું આ તીર્થધામ આધ્યાત્મિકતા સાથે પરિશ્રમ, સ્વચ્છતા, શિસ્ત અને આત્મનિર્ભરતાનો અદ્‌ભુત સમન્વય સાધતું એક જીવંત પ્રેરણાધામ બન્યું છે.

એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે સંદર્ભે શાળા બહારના બાળકોનો સર્વે નવેમ્બરથી શરૂ થશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ઓલપાડ, તા.૧૮

સમગ્ર શિક્ષા, સુરત દ્વારા જિલ્લામાં શાળા બહારના બાળકોનો વિશેષ સર્વે તા. ૧૬/૧૧/૨૦૨૬થી તા.૧૬/૧૨/૨૦૨૬' દરમિયાન હાથ ધરવામાં આવશે.

આ સર્વેમાં '૬ થી ૧૮ વર્ષની' વયજૂથના એવા તમામ બાળકોને આવરી લેવામાં આવશે, કે જેઓ પ્રાયમરીથી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી, શાળા છોડી દીધી છે અથવા ક્યારેય શાળામાં ગયા જ નથી. 'દિવ્યાંગ બાળકોનો' પણ આ સર્વેમાં ખાસ સમાવેશ કરવામાં આવશે.જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તાર, શહેરી વિસ્તાર, ઈંટોના ભઠ્ઠા, શેરડી કટીંગ કેમ્પ, બાંધકામ સાઈટ, માઈગ્રેશન વિસ્તાર તેમજ માનવ વસ્તી ધરાવતા તમામ વિસ્તારોમાં સર્વે ટીમ દ્વારા ઘર-ઘર જઈને સર્વે કરવામાં આવશે.

વાલીઓ અને ગ્રામજનોને અપીલ: ૧. આપના વિસ્તારમાં કોઈ બાળક શાળા બહાર હોય તો સર્વે ટીમને જાણ કરો.

૨. સર્વે ટીમ આવે ત્યારે સાચી માહિતી આપી સહકાર આપો.

૩. બાળકને ફરી શાળામાં દાખલ કરવા માટે કચેરી સંપૂર્ણ મદદ કરશે.

૪. સરપંચશ્રી, તલાટીશ્રી, આંગણવાડી કાર્યકર, આશા વર્કરબહેન, શિક્ષકશ્રીઓને સહકાર આપવા વિનંતી છે.

મોનિટરીંગ વ્યવસ્થા: સર્વે અસરકારક બને અને એક પણ બાળક રહી ન જાય તે માટે જિલ્લા કક્ષાના કો-ઓર્ડીનેટરશ્રીઓને તાલુકાવાર મોનિટરીંગની જવાબદારી સોંપવામાં આવેલ છે તાલુકામાં મોનિટરીંગ કરશે. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, સુરત દ્વારા જણાવવામાં આવ્યું છે કે, 'શિક્ષણ એ દરેક બાળકનો અધિકાર છે. કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે આપણી સૌની સહિયારી જવાબદારી છે. સર્વેમાં મળેલા તમામ બાળકોને નજીકની શાળામાં પ્રવેશ અપાવી, જરૂરી સહાય આપવામાં આવશે.'

સંપર્ક : સમગ્ર શિક્ષા, જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સુરત ટોલ ફ્રી ૧૮૦૦-૨૩૩-૩૯૬૭ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી સુરતને સંપર્ક કરવા જણાવાયું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

વલસાડથી COP31સુધી...

Walk21, World Resources Institute (WRI), The Energy and Resources Institute (TERI) અને ITDP Africa જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાંતો અને પ્રતિનિધિઓ જોડાયા હતા.

ડૉ.ભૈરવી જોશીએ યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC)નું પ્રતિનિધિત્વ કરતાં લિન્ડિતા ઝાફેરી-સાલિહુની મુખ્ય વક્તા તરીકે સહભાગિતા સુનિશ્ચિત કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના સંબોધનથી સ્થાનિક સ્તરે ચાલતાં સાયકલિંગ અભિયાનો અને વૈશ્વિક આબોહવા નીતિ વચ્ચેના સંબંધને વધુ મજબૂતી મળી હતી. ચર્ચામાં ખાસ કરીને ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ અભિયાન પર ભાર મૂકવામાં આવ્યો હતો. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ.મનસુખ માંડવિયા દ્વારા ડિસેમ્બર ૨૦૨૪માં શરૂ કરાયેલું આ અભિયાન આજે દેશનાં સેંકડો શહેરોમાં લોકભાગીદારી આધારિત એક વિશાળ જનઆંદોલન બની રહ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ લોકોને શારીરિક તંદુરસ્તી માટે સાયકલિંગ અપનાવવા પ્રોત્સાહિત કરવાની સાથે સ્વચ્છ હવા, ટકાઉ પરિવહન અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે.

ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા તુર્કીમાં વિશેષ સન્ડેઝ ઓન સાયકલ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના દ્વારા ભારતનું આ જનઆંદોલન આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચ્યું હતું. સાયકલિંગ ક્ષેત્રે વર્ષોથી કાર્યરત ડૉ.ભૈરવી જોશી દેશભરમાં સાયકલિંગ પ્રત્યે જાગૃતિ, સામૂહિક ભાગીદારી અને બાઈસિકલ મેયર્સ તથા સાયકલિંગ લીડર્સનું નેટવર્ક વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યાં છે. ફિટ ઈન્ડિયા મૂવમેન્ટનાં સાયકલિંગ એડવાઈઝર તરીકે તેઓ ભારતના સાયકલિંગ અભિયાનોને આંતરરાષ્ટ્રીય મંચો અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રયાસો સાથે જોડવામાં સક્રિય રહ્યાં છે.

વલસાડ માટે ડૉ.ભૈરવી જોશીની COP31માં સહભાગિતા ગૌરવની બાબત છે. વલસાડથી શરૂ થયેલી તેમની સફર આજે વૈશ્વિક આબોહવા મંચ સુધી પહોંચી છે, જે સ્થાનિક સ્તરે કરવામાં આવતા સતત પ્રયાસો વૈશ્વિક સ્તરે કેવી અસર ઊભી કરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેમની આ સહભાગિતા એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે સાયકલિંગ માત્ર તંદુરસ્તી કે મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ સ્વસ્થ સમાજ, રહેવા લાયક શહેરો અને ટકાઉ ભવિષ્યના નિર્માણનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે.

(પહેલાં પાનાનું ચાલુ)

દાનહ તથા દમણ-દીવના...

સ્પર્ધામાં ભાગીદારી કેન્દ્ર શાસિત પ્રદેશના રમતગમત ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ખેલાડીઓએ પોતાની મહેનત, નિયમિત તાલીમ, શિસ્ત અને રમત પ્રત્યેના સમર્પણ દ્વારા આ તક પ્રાપ્ત કરી છે.

એસોસિએશન દ્વારા ખેલાડીઓને શુભેચ્છાઓ : આ પ્રસંગે તાઈક્વાન્ડો એસોસિએશનના તમામ હોદ્દેદારો અને સભ્યોએ છ ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમની સફળતા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

એસોસિએશનના કોચ ફિલિયા થોમસે તમામ ખેલાડીઓને આશીર્વાદ આપ્યા હતા અને તેમને જરૂરી માર્ગદર્શન તથા પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. તેમણે ખેલાડીઓને આત્મવિશ્વાસ, શિસ્ત, સમર્પણ અને રમતભાવના સાથે સ્પર્ધામાં ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે ખેલાડીઓએ પોતાની શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરીને પોતાના પ્રદેશનું નામ રોશન કરવું જોઈએ.

ખેલો ઈન્ડિયા અને ઓલિમ્પિક અભિયાનને પ્રોત્સાહન : એસોસિએશને જણાવ્યું હતું કે ભારત સરકારની ખેલો ઈન્ડિયા (Khelo India) પહેલ દેશના યુવા ખેલાડીઓની પ્રતિભાને ઓળખવા, ગ્રાસરૂટ સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપવા અને ખેલાડીઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવાની તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેવી જ રીતે ઓલિમ્પિક મૂવમેન્ટ ખેલાડીઓમાં શ્રેષ્ઠતા, મિત્રતા અને સન્માન જેવા મૂલ્યો વિકસાવીને તેમને વૈશ્વિક રમતગમતના મંચ પર આગળ વધવા પ્રેરણા આપે છે.

તાઈક્વાન્ડો માત્ર એક માર્શલ આર્ટ નથી, પરંતુ તે યુવાનોમાં શારીરિક તંદુરસ્તી, આત્મરક્ષણ, આત્મવિશ્વાસ, એકાગ્રતા, શિસ્ત અને નેતૃત્વના ગુણોનો વિકાસ કરતું મહત્વપૂર્ણ રમતવિષય છે.

એસોસિએશનને આશા છે કે, આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ખેલાડીઓની ભાગીદારીથી સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવશે અને ભવિષ્યમાં વધુ યુવાનો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવા પ્રેરિત થશે.

સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ માટે ગૌરવની ક્ષણ: છ ખેલાડીઓની આ આંતરરાષ્ટ્રીય ભાગીદારી માત્ર ખેલાડીઓ અને તેમના પરિવાર માટે જ નહીં, પરંતુ દાનહ તથા દમણ-દીવના સમગ્ર રમતગમત પરિવાર માટે ગૌરવની બાબત છે.

તાઈક્વાન્ડો એસોસિએશને તમામ ખેલાડીઓને સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા, નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા અને પોતાના કેન્દ્રશાસિત પ્રદેશ તથા ભારતનું નામ રોશન કરવા હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

'મહેનત, શિસ્ત અને આત્મવિશ્વાસ જ સફળતાની સાચી ચાવી છે. ખેલાડીઓ આગળ વધે, સફળતા પ્રાપ્ત કરે અને આપણા પ્રદેશનું ગૌરવ વધારે એવી હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

પ્રવાસન સુવિધાઓના વિકાસથી ગુજરાત તરફ પ્રવાસીઓનું આકર્ષણ

દિવાળીમાં ગુજરાતના પ્રવાસન સ્થળો પર ઐતિહાસિક ભીડ

૮ મુખ્ય સ્થળોએ ૩૮ લાખથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા, દ્વારકામાં સૌથી વધુ ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૮

દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાતના પ્રવાસન સ્થળો અને ધાર્મિક યાત્રાધામો પ્રવાસીઓથી ઉભરાઈ ગયાં હતાં. રાજ્યનાં મુખ્ય આઠ પ્રવાસન અને ધાર્મિક સ્થળોએ સ્થાનિક તેમજ દેશ-વિદેશના ૩૮ લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. દ્વારકા, સોમનાથ, અંબાજી, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નડાબેટ સહિતનાં સ્થળોએ પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. રાજ્યના પ્રવાસન વિભાગના આંકડા મુજબ, આ વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે.દ્વારકામાં પ્રવાસીઓની સંખ્યામાં ૧૨૮.૮ ટકાનો ઉછાળોદથી ૧૪ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાનના પ્રવાસીઓના આંકડાની ગત વર્ષના દિવાળીના નવ દિવસના સમયગાળા સાથે સરખામણી કરવામાં આવી છે. તેમાં સૌથી વધુ વૃદ્ધિ દ્વારકામાં નોંધાઈ છે. દ્વારકા મંદિરમાં ૯.૯૫ લાખથી વધુ મુલાકાતીઓનો વધારો નોંધાયો છે, જે ૧૨૮.૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

અન્ય મુખ્ય સ્થળોની સ્થિતિ પણ નોંધપાત્ર રહી છે. દ્વારકા મંદિર: ૯.૯૫ લાખથી વધુનો વધારો, ૧૨૮.૮ ટકા નડાબેટ: ૩૭ હજારથી વધુનો વધારો, ૫૪.૧ ટકા અંબાજી મંદિર, ગબ્બર હિલ અને રોપ-વે: ૧૧.૯૫ લાખથી વધુનો વધારો, ૪૮.૯ ટકા, સોમનાથ મંદિર: ૯.૧૨ લાખથી વધુનો વધારો, ૪૩.૯ ટકા, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ગિરનારમાં પણ પ્રવાસીઓનો ધસારો ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળો પર પણ મુલાકાતીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૫.૫૭ લાખથી વધુ પ્રવાસીઓનો વધારો નોંધાયો છે, જે ૩૨.૩૫ ટકા છે. ગિરનાર રોપ-વે ખાતે ૪૮,૮૦૦થી વધુ એટલે કે ૨૫.૩ ટકાનો વધારો નોંધાયો છે.રાજ્યના પ્રવાસન વિભાગના જણાવ્યા અનુસાર, પ્રવાસનસ્થળો અને યાત્રાધામોમાં વિકસાવવામાં આવેલી આધુનિક માળખાકીય સુવિધાઓ, પ્રવાસીઓ માટેની વ્યવસ્થાઓ અને સુવ્યવસ્થિત સંચાલનને કારણે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

દિવાળીના વેકેશનમાં ગુજરાતનાં ધાર્મિક સ્થળો સાથે ઐતિહાસિક ધરોહર અને આધુનિક પ્રવાસન સ્થળો પણ પ્રવાસીઓની પસંદગી બન્યાં હતાં. આ આંકડાઓ રાજ્યના પ્રવાસન ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ગણાઈ રહ્યા છે અને ગુજરાત દેશના પ્રવાસન નકશા પર વધુ મજબૂત સ્થાન મેળવી રહ્યું હોવાનું દર્શાવે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

ધારાસભ્ય રમણભાઈ પટાકરની...

વિજેતા થયેલા ખેલાડીઓને પ્રમાણપત્રો, મેડલ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મેરા યુવા ભારત, વલસાડનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને રમતગમત સાથે જોડીને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ બનાવવા તેમજ તેમને નશા અને અન્ય સામાજિક દુષણોથી દૂર રાખવાનો છે. રમતગમત યુવાનોમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ, શિસ્ત અને ટીમભાવના વિકસાવવાનું સશક્ત માધ્યમ છે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા યુવા અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ હેતલ શર્મા, રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક, રામમનોહર, પલક, વંશ અને સ્નેહા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આઈ.ટી.આઈ. ભિલાડના આચાર્યશ્રી, સ્ટાફ અને સંસ્થાના સભ્યોનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. 'રમત સાથે જોડાઓ, નશાથી દૂર રહો-સ્વસ્થ યુવા, સમર્થ ભારત!'ના સંદેશ સાથે નશામુક્ત યુવા અને સ્વસ્થ યુવા શક્તિના નિર્માણ થકી વિકસિત ભારત @2047ના સંકલ્પને સાકાર કરવા મેરા યુવા ભારત, વલસાડ દ્વારા આવા યુવા કેન્દ્રિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

'વીબી-જી રામજી' અંતર્ગત...

વર્કશોપમાં VGPPનો પરિચય અને માળખું, અધિનિયમની જોગવાઈઓ, સહભાગીદારી આધારિત આયોજન, કામોની કેટેગરી, કન્વર્જન્સ તથા ગ્રામ પંચાયત વિકાસ પ્લાનની તૈયારી અને અમલીકરણ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા અને ઓરિએન્ટેશન આપવામાં આવ્યું હતું. પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટ દ્વારા સહભાગીઓની સમજણનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય આ ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર રહીને વિકસિત ભારત @2047ના વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. તા.૧૯ નવેમ્બર ૨૦૨૬થી વિકસિત ભારત ગ્રામીણ રોજગાર ગેરંટી અને આજીવિકા મિશન (ગ્રામીણ) અંતર્ગત તમામ ૩૪ જિલ્લાના જિલ્લા અને તાલુકા કક્ષાના આશરે ૪૧૯ અધિકારીઓ માટે બેચ વાઈઝ ત્રણ-ત્રણ દિવસની કુલ ૧૦ તાલીમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમો દ્વારા VGPPની તૈયારી અને અમલીકરણ અંગે વધુ ગહન તાલીમ આપવામાં આવશે. આ પહેલ ગુજરાતને દેશમાં અગ્રેસર સ્થાન અપાવે છે અને ગ્રામીણ વિકાસમાં ગુણવત્તાયુક્ત આયોજન તથા અસરકારક અમલીકરણની દિશામાં મજબૂત પાયો પૂરો પાડે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

જનજાતીય ગૌરવ દિવસ...

તેમણે આજના યુવાઓની દેશ પ્રત્યેની જવાબદારી અને ફરજોની સમજણ આપતાં જણાવ્યું હતું કે, આજની મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ આવી દેશના વિકાસમાં સફળતાપૂર્વક પગરણ માંડી રહી છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલી યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

વલસાડ તાલુકાની પ્રગતિશીલ મહિલાઓ અંજલીબેન નાયકા અને તેજલબેન પટેલે રાજ્ય સરકારની યોજનાનો લાભ મેળવી જીવનમાં આવેલા પરિવર્તનની જાણકારી આપી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ વહાલી દીકરી યોજનાઓના મંજૂરી હુકમો, જ

વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કપરાડામાં મહિલા સંમેલન યોજાયું





પહેલા બહેનો ઘર ચલાવતી હતી, આજે ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશ ચલાવે છે, બહેનોને સન્માન આપવાનું કામ નરેન્દ્રભાઈ મોદીએ કર્યું : નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૮

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર રાજ્યમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી થઈ રહી છે ત્યારે અંતિમ દિવસે તા. ૧૮ નવેમ્બરને બુધવારે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કપરાડા તાલુકાના કોલેજ રોડ પર કોમ્યુનિટી હોલ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મહિલા સંમેલન યોજાયું હતું.

માતાઓ, બહેનો અને દીકરીઓના આત્મવિશ્વાસ અને સશક્તિકરણ માટે આયોજિત મહિલા સંમેલનને સંબોધતા નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું કે, દરેક વ્યક્તિને પોતાના સમાજનું સ્વાભિમાન હોવું જોઈએ, તો જ સમાજ અને દેશનો વિકાસ થઈ શકે છે. આદિવાસી સમાજના વિકાસ, એકતા, સંગઠિતતા અને દેશની આઝાદી માટે ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની વયે બલિદાન આપ્યું હતું. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ ભગવાન બિરસા મુંડાના જન્મ દિવસ તા. ૧૫ નવેમ્બરને સમગ્ર દેશમાં જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી આદિવાસી સમાજને ગૌરવ અપાવ્યું છે.

મહિલા સશક્તિકરણનો ઉલ્લેખ કરી નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈએ વધુમાં જણાવ્યું કે, પહેલા બહેનો ઘરકામ, મજૂરી તેમજ બાળકોનો ઉછેર કરતી હતી પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીકરીઓ શિક્ષણ મેળવે તે માટે કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી, નોકરીમાં અને રાજકીય ક્ષેત્રે મહિલા અનામત તેમજ સખી મંડળ દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવી છે. આજે બહેનો ગામ, તાલુકો જિલ્લો, રાજ્ય અને દેશ ચલાવી રહી છે. બહેનોને માન સન્માન આપવાનું કામ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. મહિલાઓને પણ અપીલ છે કે, તમે બાળકોને જંક ફૂડ અને ફૂડ પેકેટ આપવાને બદલે આપણી આદિવાસી પૌષ્ટિક વાનગી જ ખવડાવજો, તો જ આપણું બાળક તંદુરસ્ત બનશે. આદિવાસી ભોજનમાં એટલી તાકાત છે કે, તે કુપોષણને નાબૂદ કરી શકે છે. તેઓ પરિવર્તન લાવી શકે છે એમ જણાવી નાયબ મુખ્ય દંડકશ્રી એ સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો, સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@2027ના સપનાને સાકાર કરવા બહેનોને પોતાનું યોગદાન આપવા આહવાન કર્યું હતું.

કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીએ સરકાર ડગલેને પગલે બહેનોની ચિંતા કરી રહી હોવાનું જણાવી વધુમાં કહ્યું કે, બાળક ગર્ભમાં હોય ત્યારથી સરકાર માતા અને બાળકની ચિંતા કરી પૌષ્ટિક ખોરાક, સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તે માટે સમય સમય પર હેલ્થ ચેકઅપ અને બાળકને ફ્રીમાં શિક્ષણ મળે તે માટેની સુવિધા કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે આદિવાસી સમાજના વિકાસને પ્રાધાન્ય આપી રસ્તા, પાણી, સિંચાઈ અને વીજળી સહિતની સુવિધા આપી છે. ધારાસભ્ય શ્રી જીતુભાઈએ બહેનોને ખાસ જણાવ્યું કે, અત્યારે સોશિયલ મીડિયાનો જમાનો છે, લોકો રિલ્સ જોઈ રહ્યા છે, પરંતુ તેમાંથી શું સારું ગ્રહણ કરી શકાય તે શીખજો. મહિલા ધારે તો ઘરને સ્વર્ગ બનાવી શકે છે એટલી અસીમ શક્તિ ધરાવે છે.

આ પ્રસંગે મહિલા વક્તા તરીકે પ્રદેશ સંગઠનના મહિલા મોરચાના કારોબારી સભ્ય શ્રીમતી હેમલતાબેન રાણાએ જણાવ્યું કે, ભગવાન બિરસા મુંડાના જીવનમાંથી નવી પેઢી પ્રેરણા મેળવી રહી છે, તેમના જીવનમાંથી ત્રણ મુખ્ય સંદેશ સમાજની એકતા, પોતાના હકક અને સ્વાભિમાન માટે જાગૃત્તા અને શિક્ષણ દ્વારા સમાજના વિકાસને ધ્યાનમાં રાખી આદિવાસી સમાજના અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપવા મહિલાઓને આહ્વાન કર્યું હતું.

જિલ્લા પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકીએ જણાવ્યું કે, સમાજની તમામ બહેનોનું સશક્તિકરણ થાય ત્યારે જ સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ થાય છે. વધુમાં તેમણે મહિલાઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને આર્થિક ઉત્થાન માટે સરકારની વિવિધ યોજનાની માહિતી આપી તેનો લાભ લઈ વિકાસ કરવા આહ્વાન કર્યું હતું.

મહાનુભાવોના હસ્તે ભગવાન બિરસા મુંડા અને ભારત માતાનું પૂજન કરાયું હતું. વિવિધ યોજનાના લાભાર્થી મહિલાઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. મહિલા સભા અન્વયે સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરી સહિતના ચાર લાભાર્થીને ટેક હોમ રાશન (THR)નો લાભ આપવામાં આવ્યો હતો. આ સિવાય વ્હાલી દીકરી યોજનાના બે અને ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના એક લાભાર્થીને મંજુર થયેલી રકમના હુકમનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ભરતભાઈ ગાંવઢા, નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મનીષાબેન પટેલ, જિલ્લા પંચાયતના સભ્યો, તકેદારી વિભાગના મદદનીશ કમિશનર શ્રી વિક્રાંત થોરાટ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. સ્વાગત પ્રવચન, આભારવિધિ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાકડકોપર ગામના તલાટી શ્રી સંજયભાઈ પટેલે કર્યું હતું.

આગામી ચૂંટણીઓને ધ્યાને રાખી આદિવાસીઓના વોટ લેવા ગતકડાં શરૂ

કપરાડાના સુથારપાડા ખાતે 'જોહાર કેફે'ની નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે મુલાકાત લીધી

કેફેની બહેનો સાથે આત્મીય સંવાદ કરી આર્થિક રીતે આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કર્યા : નાયબ મુખ્ય દંડક સહિત ઉપસ્થિત મહાનુભાવોએ જોહાર કેફેમાં ભોજન કરી પૌષ્ટિક આદિવાસી વાનગીઓનો સ્વાદ માણ્યો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક).
વલસાડ, તા.૧૮

જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે તા.૧૫ નવેમ્બરે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે છોટાઉદેપુરથી વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સુથારપાડા ખાતે એપીએમસી માર્કેટમાં શરૂ કરાયેલા 'જોહાર કેફે'નું ઈ-લોકાર્પણ કર્યું હતું. જ્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે નાનાપોંઢા ખાતે મંજૂરીપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ જોહાર કેફેની તા.૧૮ નવેમ્બરે વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલે મુલાકાત લીધી હતી. તેમની સાથે કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી પ્રાયોજના વહીવટદાર શ્રીમતી આસ્થા સોલંકી અને તકેદારી વિભાગના મદદનીશ કમિશનર શ્રી વિક્રમ થોરાટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઈ પટેલે પંચકૃષ્ણ સખી મંડળ દ્વારા સંચાલિત જોહાર કેફેની બહેનો સાથે આત્મીય સંવાદ કર્યો હતો અને તમામ બહેનો આર્થિક રીતે પ્રગતિ કરી આત્મનિર્ભર બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. બહેનોએ સ્વરોજગારી દ્વારા આર્થિક આત્મનિર્ભરતા તરફ આગળ વધવાની તક પૂરી પાડવા બદલ રાજ્ય સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

નાયબ મુખ્ય દંડકશ્રી સાથેના સંવાદ દરમિયાન બહેનોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા કેફેના કિચન માટે સાધનસામગ્રી ટેબલ-ખુરશી અને બે ફ્રિજ સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ગ્રાહકોને આવકારવાની રીત સ્વચ્છતા જાળવવા સહિતની બાબતો અંગે તાલીમ પણ આપવામાં આવી છે.

સંવાદ દરમિયાન નાયબ મુખ્ય દંડકશ્રીએ બહેનોને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ બનાવી ગ્રાહકોને પીરસવા તેમજ આ પ્રવૃત્તિ સતત ચાલુ રાખવા પ્રેરિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે,રાજ્ય સરકાર હંમેશાં આપની પડખે ઊભી છે.

નાયબ મુખ્ય દંડકશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ જોહાર કેફેમાં ભોજન કરી પૌષ્ટિક આદિવાસી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. કેફેની બહેનોની કામગીરીથી પ્રભાવિત થઈ નાયબ મુખ્ય દંડકશ્રીએ બહેનોનું સન્માન કરી પ્રોત્સાહિત કરી હતી.

આદિજાતિ વિકાસ વિભાગ અને વલસાડ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે ધરમપુરમાં 'મહિલા સંમેલન' યોજાયું











(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૮

આદિજાતિ વિકાસ વિભાગ અને વલસાડ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે માતાઓ, બહેનો અને દીકરીઓના આત્મવિશ્વાસ તથા સશક્તિકરણ માટે ધરમપુર ખાતે ધરમપુર ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં 'મહિલા સંમેલન' (મહિલા સભા)નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મહિલા વક્તા તરીકે પ્રદેશ મહિલા મોરચા મંત્રી શ્રીમતી સુમનબેન વળવીએ મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, દીકરીઓને દૂધપીતી કરવાના અને સતીપ્રથા જેવા કુરિવાજોના સમયથી લઈને આજના આત્મનિર્ભર યુગ સુધી મહિલાઓએ મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. રાજ્ય સરકારે કન્યા કેળવણી અભિયાન, વિદ્યાલક્ષ્મી બોન્ડ અને સરસ્વતી સાધના યોજના (સાયકલ વિતરણ) થકી દીકરીઓના શિક્ષણને વિશેષ પ્રોત્સાહન આપ્યું છે. તદુપરાંત, પંચાયતોમાં મહિલાઓ માટે અનામત, મહિલા સંચાલિત દૂધ ડેરીઓ અને સખી મંડળોને બેંક લોન દ્વારા આર્થિક સહાય પૂરી પાડીને તેમને આર્થિક રીતે પગભર બનાવવામાં આવ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા, સ્વાસ્થ્ય અને પોષણ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન અને ગર્ભવતી માતાઓ માટે પોષણ સહાય જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. મહિલાઓના ઉત્કર્ષ અને રાષ્ટ્રીય નેતૃત્વનું સૌથી મોટું ઉદાહરણ આપતા ગર્વભેર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, આજે દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદે શ્રીમતી દ્રૌપદી મુર્મુ બિરાજમાન છે, જે દર્શાવે છે કે યોગ્ય સહયોગ અને તકો મળે તો મહિલાઓ દેશનું સુકાન પણ સફળતાપૂર્વક સંભાળી શકે છે.

ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે ભગવાન બિરસા મુંડાના ગૌરવશાળી ઈતિહાસ અને આદિવાસી સમાજ માટે તેમના બલિદાનને યાદ કરતા જણાવ્યું હતું કે ૨૫ વર્ષની નાની ઉંમરમાં ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો અને મિશનરીઓ સામે ક્રાંતિની મશાલ પ્રગટાવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાચા અર્થમાં આદિવાસીઓના સન્માન માટે ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઘોષિત કર્યો હતો. ભગવાન બિરસા મુંડાએ 'આબુઆ દેશમ, આબુઆ રાજ' (આપણો દેશ, આપણું રાજ)નો નારો આપીને અંગ્રેજો સામે આક્રમક લડત આપી હતી. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને ગુજરાત દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે અને તેમના માર્ગદર્શન હેઠળ આદિવાસી સમાજનો સાચો ઈતિહાસ લોકો સુધી પહોંચી રહ્યો છે.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શકુંતલાબેન ચૌધરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સાથે સાથે વિવિધ યોજનાના મહિલા લાભાર્થીઓને મંજૂરી હુકમોનું તેમજ પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ધરમપુર નગરપાલિકાના પ્રમુખ શ્રી મયંકભાઈ મોદી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બામરોલિયા, જિલ્લા સંગઠન પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, બાંધકામ સમિતિ ચેરમેન ઉર્મિલાબેન બિરારી, તાલુકા વિકાસ અધિકારી શ્રી ધીરુભાઈ પટેલ, પ્રદેશ આદિજાતિ મોરચા મહામંત્રી શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી, જિલ્લા સંગઠન એસટી મોરચા પ્રમુખ શ્રી ધનેશ ચૌધરી, તાલુકા સંગઠન પ્રમુખ શ્રી કેતન વાળુ, શહેર સંગઠન પ્રમુખ શ્રી અમિત ચોરરા, વલસાડ ટ્રાઈબલ ડેવલપમેન્ટ ઓફિસર શ્રી ગૌતમ લાદાણી, અગ્રણી શ્રી ગણેશ બિરારી, સંબંધિત વિભાગના અધિકારીક કર્મચારીઓ અને ખૂબ જ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

લોકસભા અધ્યક્ષે વડનગરના ઐતિહાસિક શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો

વડનગર આધ્યાત્મિક વારસો, દ્રઢ નિશ્ચય અને નિઃસ્વાર્થ લોકસેવાના ચિરંતન પ્રતીક તરીકે ઉભું છેઃ લોકસભા અધ્યક્ષ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
અમદાવાદ, તા.૧૮

લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ આજે ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલા વડનગરની મુલાકાત લીધી હતી અને વિવિધ આધ્યાત્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

ઐતિહાસિક શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરથી પોતાની મુલાકાતની શરૂઆત કરતા, શ્રી બિરલાએ પૂજા-અર્ચના કરી હતી અને કાંચી કામકોટી પીઠાધીપતિ જગદ્ગુરુ શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી સ્વામીગલના દિવ્ય માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં આયોજિત ૧૦ દિવસીય વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો.

મહાયજ્ઞ બાદ પોતાના વિચારો વ્યક્ત કરતા લોકસભા અધ્યક્ષે પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરને ભારતના આધ્યાત્મિક વારસાના પવિત્ર કેન્દ્ર તરીકે વર્ણવ્યું હતું જે પેઢીઓને પ્રેરણા આપે છે. તેમણે નોંધ્યું હતું કે જગદ્ગુરુ શંકરાચાર્યજીના નેતૃત્વમાં યોજાયેલા વિશ્વ શાંતિ મહાયજ્ઞ અને હવન સાર્વત્રિક શાંતિ, રાષ્ટ્રો વચ્ચે સંવાદિતા અને સમગ્ર માનવજાત તથા જીવમાત્રના કલ્યાણને સમર્પિત છે.

ભારતના સાંસ્કૃતિક વારસાના પવિત્ર કેન્દ્ર અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની જન્મભૂમિ તરીકે વડનગરના મહત્ત્વ પર પ્રકાશ પાડતા, શ્રી બિરલાએ જણાવ્યું હતું કે આ ઐતિહાસિક નગર આધ્યાત્મિક વારસો, દ્રઢ નિશ્ચય અને નિઃસ્વાર્થ લોકસેવાના ચિરંતન પ્રતીક તરીકે ઉભું છે. તેમણે કહ્યું હતું કે આ નગરની મુલાકાત લેવાથી અને પ્રધાનમંત્રીની શાળા તથા તેમના ઘડતરના વર્ષો સાથે સંકળાયેલા સ્થળો જોવાથી એ બાબતની ઊંડી સમજ મળે છે કે કેવી રીતે અસાધારણ સંકલ્પ પ્રતિકૂળતાઓ પર વિજય મેળવી શકે છે. તેમણે અવલોકન કર્યું હતું કે આ નગર એક પ્રેરણાદાયી સીમાચિહ્નરૂપ છે જે દર્શાવે છે કે આર્થિક મુશ્કેલીઓ, પારિવારિક સંઘર્ષો અથવા પડકારજનક સંજોગો ગમે તે હોય, સ્પષ્ટ લક્ષ્યો અને અડગ નિશ્ચય વ્યક્તિને તેની આકાંક્ષાઓ હાંસલ કરવા સક્ષમ બનાવે છે.

શ્રી બિરલાએ નોંધ્યું હતું કે તેમના પ્રારંભિક વિદ્યાર્થી કાળથી જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું જીવન સ્વામી વિવેકાનંદના આદર્શોમાંથી પ્રેરિત શીખવાની વૃત્તિ, સંવાદ, ચર્ચા અને આધ્યાત્મિક પ્રેરણાથી વ્યાખ્યાયિત થયેલું છે. સેવાના સંકલ્પથી પ્રેરાઈને, તેમણે નાની ઉંમરે દેશભરમાં પ્રવાસ કરવા માટે ઘર છોડ્યું હતું, અને ભારતની વિવિધ સામાજિક અને આર્થિક વાસ્તવિકતાઓને પ્રત્યક્ષ રીતે સમજી હતી. આ યાત્રાને ભારતીય લોકશાહીની તાકાતનો પુરાવો ગણાવતા, અધ્યક્ષશ્રીએ કહ્યું હતું કે સામાન્ય સંજોગો વચ્ચે એક નાના નગરમાંથી ઉભા થઈને રાષ્ટ્રનું નેતૃત્વ કરવું એ ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે લોકસેવા પ્રત્યેનું સમર્પણ નેતૃત્વને ઘડે છે.

મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે પ્રધાનમંત્રીની સતત ૨૫ વર્ષની લોકસેવાના સીમાચિહ્નને રેખાંકિત કરતા, શ્રી બિરલાએ કહ્યું હતું કે આ ચિરંતન પ્રતિબદ્ધતા દરેક નાગરિક માટે પ્રેરણાનો એક મુખ્ય સ્રોત છે. અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે જીવનના પ્રારંભિક તબક્કામાં આર્થિક અને સામાજિક પડકારોનો વ્યક્તિગત રીતે અનુભવ કર્યા બાદ, પ્રધાનમંત્રીએ તે સમજણને ભવિષ્યના પડકારોને પાર કરવા સક્ષમ એવા આત્મનિર્ભર અને સ્વનિર્ભર ભારતના નિર્માણ તરફ વાળી છે.

મંદિર ખાતેના તેમના કાર્યક્રમો બાદ, લોકસભા અધ્યક્ષે વડનગરની પ્રેરણા શાળાની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે વિદ્યાર્થીઓ સાથે ઉષ્માભર્યો સંવાદ કર્યો હતો, અને તેમને જિજ્ઞાસા કેળવવા, રચનાત્મક સંવાદમાં જોડાવા અને રાષ્ટ્રનિર્માણમાં પોતાને સમર્પિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે શ્રી બી.એન. હાઈસ્કૂલની પણ મુલાકાત લીધી હતી, અને આ ઐતિહાસિક નગરમાં યુવા માનસનું ઘડતર કરનારી શૈક્ષણિક સંસ્થાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

બાદમાં, શ્રી બિરલાએ વડનગરમાં પુરાતત્ત્વીય અનુભવાત્મક સંગ્રહાલય (Archaeological Experiential Museum) અને સંગીત સંગ્રહાલય (Museum of Music)ની મુલાકાત લીધી હતી, અને ભારતના સૌથી પ્રાચીન જીવંત નગરોમાંના એકના સમૃદ્ધ સાંસ્કૃતિક, પુરાતત્ત્વીય અને સંગીતના વારસાની પ્રશંસા કરી હતી.



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

પબુભા માણેકનું નિવેદન ભાજપ સામે એક નવો પડકાર ઊભો થવાની સંભાવના

રાજનીતિની આંતરિક અને બાહ્ય રમતો રમાયા પછી પણ અંતે સામાન્ય જનતાનું ભલું થાય, તે અત્યંત જરૂરી છે

ગુજરાતમાં વિધાનસભાની વર્ષ ૨૦૨૭ની ચૂંટણીઓની આડે હજુ આખું વર્ષ છે, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી કોણ બનશે? તે અંગેની ચર્ચા અત્યારથી શરૂ થઈ ગઈ છે, અને આગામી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જ રહેશે કે કોઈ નવા ચહેરાના વડપણ હેઠળ ચૂંટણી લડાશે કે મુખ્યમંત્રીનું નામ જાહેર કર્યા વગર જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે ચૂંટણી લડાશે, તેની ચર્ચાઓ ગૂપચૂપ થઈ જ રહી હતી., ત્યાં દ્વારકા કલ્યાણપુર વિસ્તારના ધારાસભ્ય પબુભા માણેકે એક એવું નિવેદન કર્યું હોવાના અહેવાલો ચર્ચામાં આવ્યા છે, જેના પડઘા કદાચ ગાંધીનગર અને દિલ્હી સુધી પડ્યા જ હશે. આ સાથે જ સમગ્ર રાજ્યમાં રાજકારણ ગરમાયુ છે અને કોળી સમાજમાં પણ હલચલ મચી જવા પામી છે.

ગુજરાતમાં કોળી સમાજની ઘણી બધી વસતિ છે અને કેટલીક વિધાનસભા બેઠકો પર કોળી જ્ઞાતિના મતદારોનો વધુ પ્રભાવ છે, તેથી કોળી સમાજને રાજ્યની સરકારમાં નેતૃત્વ મળવું જોઈએ, તેવી વાતો થતી રહેતી હોય છે, પરંતુ મહાનુભાવો તથા કોળી સમાજના દિગ્ગજો તથા જનપ્રતિનિધિઓની હાજરીમાં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કોળી સમાજને તક મળવી જોઈએ, તેવું નિવેદન થાય, અને તે પણ વડાપ્રધાન સાથે નજીકના સંબંધો ધરાવતા ભાજપના દિગ્ગજ અને દાયકાઓથી ધારાસભામાં દ્વારકા કલ્યાણપુરનું પ્રતિનિધિત્વ કરતા પબુભા દ્વારા થાય, ત્યારે તેની ગંભીરતા અને સુચિતાર્થો ગંભીર ગણાય, એ સ્વાભાવિક છે.

'કૌન બનેગા મુખ્યમંત્રી' જેવા મીડિયા કાર્યક્રમો શરૂ થાય તે પહેલા જ આ પ્રકારનું નિવેદન થતા રાજકારણમાં હલચલ મચી જાય, તે પણ સ્વાભાવિક છે, અને પબુભાએ દ્વારકાથી નગારે ઘા દીધા પછી ભાજપમાં તેના કેવા પ્રત્યાઘાતો પડી શકે છે, તેની ચર્ચા પણ પરમદિવસથી જ શરૂ થઈ ગઈ છે.

આ નિવેદન પછી ભાજપ ભીંસમાં આવી જશે અને કોળી સમાજમાં વર્ચસ્વ ધરાવતા બે દિગ્ગજો, જે અત્યારે રાજ્યસભામાં છે, તેની વચ્ચેનો ગજગ્રાહ વધુ ઊંડો બનશે, તો ભાજપ સામે મોટો પડકાર ઊભો થશે, તેવી દહેશત ઊભી થઈ છે, તો બીજી તરફ એવું પણ કહેવાય છે કે આ નિવેદન ભાજપની જ કોઈ ઊંડી રણનીતિનો ભાગ હોઈ શકે છે, અને ભાજપના જ બે જૂથોને વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થતા પહેલા જ 'માપી'ને કોને 'સાઈડલાઈન' કરવા તેનો લિટમસ ટેસ્ટ હોઈ શકે છે તે પ્રકારની અટકળોને પણ અવગણવા જેવી નથી.

પબુભાના આ નિવેદનને કોળી સમાજના દિગ્ગજોએ આવકાર્યું છે, તો પાટીદાર અનામત આંદોલનના પૂર્વ કન્વીનરો સહિત કેટલાક નેતાઓએ આ નિવેદનની ટીકા એવી રીતે કરી છે કે મુખ્યમંત્રી સમગ્ર રાજ્યના હોય, કોઈ ચોક્કસ જ્ઞાતિસમાજના ન હોય, તેથી આ પ્રકારનું નિવેદન યોગ્ય નથી. આ વિવાદ વકરતા આ મુદ્દે વિવિધ કારણો અને તારણો પણ નીકળી રહ્યા છે.

આ નિવેદનના મૂળમાં કોળી સમાજના મતદારોને આકર્ષવાનો હેતુ હોઈ શકે, તેવી વાતો પણ વહેતી થઈ હતી અને વર્ષો પહેલા રાવલ વિસ્તાર ખંભાળીયા વિસ્તારમાંથી દ્વારકા કલ્યાણપુર વિધાનસભા વિસ્તારમાં સામેલ થયા પછી ત્યાંની કોળી સમાજની વસતિને ધ્યાને લઈને પણ આ નિવેદન સ્થાનિક સમીકરણોને અનુરૂપ થયું હોઈ શકે, તેવું પણ તારણ નીકળે છે, જો કે, આ પ્રકારના અભિપ્રાયોનો છેદ ઉડાડતા એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે રાવલ વિસ્તારનો કોળી સમાજ હંમેશા પબુભા તરફી ઝોક ધરાવતો હોવાથી અને પબુભા કોળી સમાજના પરંપરાગત સામૂહિક લગ્નગાળા સમયે પણ સહયોગી બનતા હોવાથી માત્ર રાવલ વિસ્તારના કોળી સમાજના મતો માટે પબુભાને આવું નિવેદન કરવાની જરૂર નથી અને આ પ્રકારનું નિવેદન તેઓ જાણી જોઈને કરે પણ નહીં. પરંતુ આ રીતે રાજનીતિની આંતરિક અને બાહ્ય રમતો રમાયા પછી પણ અંતે સામાન્ય જનતાનું ભલું થાય, તે અત્યંત જરૂરી છે. હવે આ મુદ્દે સ્વયં પબુભા કોઈ ચોખવટ કરે છે કે કોળી સમાજ અથવા ભાજપ તરફથી કોઈ સ્પષ્ટતા થાય છે કે નહીં, તે જોવાનું રહેછે. જો કે, ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કોળી સમાજના કાર્યક્રમમાં અને બહોળો કોળી સમાજ ઉપસ્થિત હોવાથી પબુભાએ માત્ર અંગત મંતવ્ય વ્યક્ત કર્યું છે, જેનો કોઈ રાજકીય ઉદ્દેશ્ય નહીં હોવાનું નિવેદન કરીને વિવાદને ઠંડો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ 'ઉપરથી' કોઈને કોઈ 'સોલ્યુશન' નહીં કરાય તો ભાજપ સામે એક નવો પડકાર પણ ઊભો થઈ શકે છે.

આજે ચીનના શેનજેનમાં ડોનાલ્ડ ટ્રમ્પ વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ વચ્ચે બેઠક

અમેરિકા રશિયા અને ચીન ત્રણેય મહાસત્તાઓ વચ્ચે વધતી નિકટતા ભારત માટે આપદા અને અવસર બન્ને સર્જાવાની શક્યતા

અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ વચ્ચે ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક આજે એટલે કે, ૧૯મી નવેમ્બરે ચીનના શેનજેનમાં એશિયાપેસિફિક ઈકોનોમિક કો-ઓપરેશન (એપીઈસી) સંમેલન નિમિત્તે થવાની છે. આ ત્રણ પરમાણુ શક્તિઓ અને મહાસત્તાના ટોચના નેતા અનેકવાર એકમેકને મળ્યા છે, ૨૦૨૫માં અલાસ્કામાં ટ્રમ્પ પુતિન વચ્ચે શિખર મંત્રણા યોજાઈ હતી, તો ૨૦૧૩થી પુતિન અને જિનપિંગ વચ્ચે



૪૦ દ્વિપક્ષીય બેઠક થઈ છે, પણ ત્રણેય એકસાથે બેઠક સ્વરૂપમાં મળ્યા નથી. આ બેઠકનું સ્વરૂપ અનૌપચારિક હોવા છતાં તેનું આગવું મહત્ત્વ છે અને આખા વિશ્વની નજર આ બેઠક પર છે, ખાસ તો મંગળવારે ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં એસોસિયેશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ (આસિયન) સમિટ દરમિયાન ક્વાડ (યુએસ, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાન) રાષ્ટ્રોના વડાઓની બેઠક બાદ ટ્રમ્પે કરેલા દાવા ૧૦ મહિનામાં અમેરિકા દુર્લભ પૃથ્વી ખનિજોના ઉત્પાદનમાં ચીનને પાછળ છોડી દેશે. ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ક્વાડ રાષ્ટ્રોના વડાની આ પ્રથમ બેઠક પૂર્વે ક્વાડની પ્રાસંગિકતા વિશે ગંભીર પ્રશ્નો હતા. ક્વાડની બેઠકની જેમ ત્રિપક્ષીય બેઠક પણ વિશ્વને ભૂરાજકીય સંદેશ આપે છે? એના પર નજર રહેશે.

બેજિંગે પહેલેથી જ સ્પષ્ટતા કરી છે કે, ત્રણેય નેતા વિશ્વ શાંતિ અંગે ચર્ચા માટે મળશે અને ટ્રમ્પ પરમાણુ શસ્ત્રો પર નિયંત્રણ મોરચે નવી સમજૂતી ઈચ્છે છે, જેમાં ચીન પણ સામેલ થાય, કેમ કે ચીન પાસે વિશ્વમાં સૌથી વધુ છએક હજાર જેટલાં પરમાણુ શસ્ત્રો છે. અમેરિકા અને રશિયા પાસે પણ પાંચ હજારથી વધુ આવાં શસ્ત્ર છે. ચીન દેખીતી રીતે જ અમેરિકન નિયંત્રણો સ્વીકારવા માગતું નથી. પુતિન માટે આ બેઠક આંતરરાષ્ટ્રીય મંચ પર રશિયાના મહત્ત્વને ફરી પ્રસ્થાપિત કરવાની તક છે, ખાસ તો વિશ્વની બે નિર્વિવાદ મહાસત્તાઓ સાથે તેઓ બરાબરીએ છે એ દેખાડવા સાથે પશ્ચિમના રાષ્ટ્ર સમૂહોએ રાજદ્વારી મોરચે રશિયાને એકલુંઅટૂલું પાડી દીધું છે એનો આ જડબાતોડ જવાબ રહેશે. મધ્યસત્ર ચૂંટણીમાં તેજોવધ પછી ટ્રમ્પ સામે ઘરઆંગણે સમસ્યા પડકારો વધી રહ્યા છે, ત્યારે વિશ્વ મંચ પર પોતાના યથાવત્ પ્રભાવને દર્શાવવાનો આ મોકો છે. ટ્રમ્પના હુકમનાં પાનાં સમાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોરચે અમેરિકામાં અસ્થિરતા તથા ઈરાન યુદ્ધને લઈને વધી રહેલા વિરોધને પગલે ટ્રમ્પની સ્થિતિ 'મા મને કોઠીમાંથી કાઢ' જેવી છે.

ટ્રમ્પની ચીન યાત્રાના અંતિમ તબક્કામાં આ બેઠક યોજાવાની છે અને જિનાપિંગ ચીનની આર્થિક અને ટેક્નોલોજિકલ શક્તિનું પ્રદર્શન કરવા માગે છે. ૨૦૨૭માં અમેરિકા સાથેના વેપાર કરારનો સમયગાળો પૂરો થાય એ પહેલાં ચીન સંબંધો સુધારવા માગે છે, પણ દબાયા કે બાંધછોડ કર્યા વિના. ટ્રમ્પ સંસ્થાગત પ્રક્રિયાઓને બદલે સીધા સંવાદ અને વ્યક્તિગત સંબંધોને કૂટનીતિમાં વધુ મહત્ત્વ આપે છે અને આ બેઠક પણ તેનો જ ભાગ છે, પણ આવા અનૌપચારિક મંચ પર થયેલી સમજૂતીનું મહત્ત્વ અને ટકાઉપણા સામે પ્રશ્નાર્થ છે. યુરોપિયન દેશોને ચિંતા છે કે, યુક્રેન સંબંધી કોઈ મોટું પગલું આ બેઠકમાં લેવાય તો તેમની સુરક્ષા સંબંધી બાબતોમાં તેમનો કોઈ અવાજ નહીં હોય. ભારત માટે પણ આ બેઠક મહત્ત્વની છે, કેમ કે ત્રણેય દેશ સાથે નવી દિલ્હીના સંબંધો સારા છે. આ ત્રણેય મહાસત્તાઓ વચ્ચે વધતી નિકટતા ભારત માટે આપદા અને અવસર બન્ને સર્જી શકે છે. જો કે, મોટાં રાષ્ટ્રો સાથે મળી નિર્ણયો લે અને બાકીનાઓ પર ઠોકી બેસાડે એવી વિશ્વ વ્યવસ્થા બાબતે ભારતે સજાગ રહેવું પડશે. વિશ્વમાં શાંતિ, સ્થિરતા સ્થપાય છે કે ચડસાચડસી, સંઘર્ષ વધે છે, એ આ બેઠક બાદ ખબર પડશે.

શ્રી રંગ અવધૂતનું જીવનચરિત્ર અને જીવનોપયોગી ઉપદેશો



પ્રાસંગિક

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ

(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

કારતક સુદ નવમી એટલે મહાન સંત, તપસ્વી, જ્ઞાની અને દત્તાત્રેય ભગવાનના અનન્ય ઉપાસક શ્રી રંગ અવધૂત મહારાજની જન્મજયંતિનો પવિત્ર દિવસ. સંતોનું જીવન માત્ર પોતાનું કલ્યાણ કરવા પૂરતું મર્યાદિત હોતું નથી પરંતુ તેઓ પોતાના જ્ઞાન, તપ, ત્યાગ અને ઉપદેશ દ્વારા સમગ્ર માનવજાતને સદ્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે, તેમનું જીવન માનવજીવનને પવિત્ર સાત્વિક અને અર્થપૂર્ણ બનાવવાનો માર્ગ બતાવે છે. શ્રી રંગ અવધૂત મહારાજનું સમગ્ર જીવન ભક્તિ, સાધના, માતૃભક્તિ, ગુરૂનિષ્ઠા, આત્મજ્ઞાન અને માનવકલ્યાણની ભાવનાથી ઓતપ્રોત હતું, તેમણે પોતાના આચરણ દ્વારા સાબિત કર્યું કે સાચી આધ્યાત્મિકતા માત્ર પૂજાપાઠ કે ધાર્મિક વિધિઓમાં નથી પરંતુ જીવનમાં સદાચાર, સંયમ,



સેવા, સમભાવ અને પરમાત્મા પ્રત્યેની અખંડ શ્રદ્ધા કેળવવામાં છે. આજે તેમની જન્મજયંતિના પાવન અવસરે તેમના જીવનચરિત્ર અને જીવનોપયોગી શિક્ષાઓનું સ્મરણ કરીને તેમના વિચારોને આપણા જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ.

શ્રી રંગ અવધૂત મહારાજનું મૂળ નામ પાંડુરંગ વિઠ્ઠલ વળામે હતું, તેમનો જન્મ ૨૧ નવેમ્બર, ૧૮૯૮ના રોજ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં એક ધાર્મિક અનેસંસ્કારી મરાઠી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો, તેમના પિતાનું નામ વિઠ્ઠલપંત અને માતાનું નામ રૂક્મિણીબાઈ હતું, તેમના પિતાજી ગોધરાના વિઠ્ઠલ મંદિરમાં પૂજારી તરીકે સેવા આપતા હતા. બાળપણથી જ પાંડુરંગની વૃત્તિ ધાર્મિક ચિંતનશીલ અને આધ્યાત્મિક હતી. નાની ઉંમરથી જ તેમના મનમાં રામનામ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવતાં માતા રૂક્મિણી બાઈએ તેમનો ઉછેર કર્યો. માતાના ધાર્મિક સંસ્કારો અને ભક્તિભાવની તેમના જીવન પર ઊંડી અસર પડી હતી.

તેઓ અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતા, ગોધરામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેમણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં અને ત્યારબાદ વડોદરાની કૉલેજમાં અભ્યાસ કર્યો, તેમનામાં રાષ્ટ્રપ્રેમની ભાવના પણ પ્રબળ હતી. મહાત્મા ગાંધીજીના વિચારો અને સ્વાતંત્ર્ય આંદોલનથી પ્રેરાઈને તેમણે અસહકારની ચળવળમાં ભાગ લીધો અને રાષ્ટ્રસેવાના કાર્યમાં જોડાયા. તેમણે થોડો સમય શિક્ષક તરીકે પણ સેવા આપી હતી, આમ તેઓ શિક્ષણ સમાજસેવા અને રાષ્ટ્રસેવા સાથે સંકળાયેલા હતા પરંતુ તેમના અંતરમાં પરમાત્માની પ્રાપ્તિ અને આત્મજ્ઞાનની તીવ્ર ઝંખના સતત જાગૃત રહેતી હતી. શ્રી રંગ અવધૂત મહારાજના જીવનમાં સદ્ગુરૂ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનું વિશેષ સ્થાન હતું, તેઓ ટેંબે સ્વામી તરીકે પણ જાણીતા હતા, તેમના આધ્યાત્મિક જીવનને ગુરૂની કૃપા અને માર્ગદર્શનથી નવી દિશા મળી. સંસારનાં સુખો, માન-સન્માન, પદ અને પ્રતિષ્ઠા કરતાં આત્મકલ્યાણનું મહત્ત્વ તેમના માટે વધારે હતું. અંતે તેમણે સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને આધ્યાત્મિક સાધનાના માર્ગે આગળ વધવાનો નિર્ણય કર્યો.

ઈ.સ.૧૯૨૫ના ડિસેમ્બર મહિનામાં તેઓ નર્મદા નદીના પવિત્ર કિનારે આવેલા નારેશ્વર ખાતે આવીને સ્થાયી થયા, અહીં તેમણે કઠોર તપશ્ચર્યા, ધ્યાન, જપ, સ્વાધ્યાય અને દત્તભક્તિમાં પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમણે પોતાના ગુરૂદેવની રચના 'શ્રી દત્તપુરાણ'નાં ૧૦૮ પારાયણ કર્યા હતા. નર્મદા કિનારે એકાંતમાં રહીને તેમણે આત્મચિંતન અને સાધનાની ઊંચી અવસ્થા પ્રાપ્ત કરી હતી, તેમની તપસ્યા અને આધ્યાત્મિક પ્રભાવથી નારેશ્વર ધીમે ધીમે દત્તભક્તોનું પવિત્ર તીર્થધામ બની ગયું.

માતૃભક્તિ અને માતાની સેવાનો આદર્શઃ- શ્રી રંગ અવધૂત મહારાજના જીવનનું એક અત્યંત પ્રેરણાદાયક પાસું તેમની માતૃભક્તિ છે, તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો પરંતુ માતા પ્રત્યેની ફરજ અને પ્રેમનો ત્યાગ કર્યો નહોતો, તેમની માતા રૂક્મિણીબાઈ તેમની સાથે નારેશ્વર ખાતે રહેતાં હતાં. શ્રી રંગ અવધૂતજી માતાની સેવા અને સુખાકારીનું વિશેષ ધ્યાન રાખતા હતા, તેમની માતા માટે તેમણે નારેશ્વરમાં માતૃસ્મૃતિનું સુંદર સ્મારક પણ બનાવડાવ્યું હતું. તેમના જીવનમાંથી આપણને બોધ મળે છે કે સાચો સંન્યાસ એટલે ફરજોમાંથી પલાયન કરવું નહીં પરંતુ મોહ અને અહંકારથી મુક્ત રહીને પોતાની જવાબદારીઓ નિભાવવી. માતા-પિતાની સેવા એ પણ ઈશ્વરની ઉપાસનાનું જ એક સ્વરૂપ છે. જે વ્યક્તિ પોતાના માતા-પિતાનું સન્માન કરે છે, તેમની સેવા કરે છે અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરે છે તેનું જીવન સંસ્કારમય બને છે.

દત્તભક્તિ અને 'દત્તબાવની'ની રચનાઃ શ્રી રંગ અવધૂત મહારાજ ભગવાન દત્તાત્રેયના અનન્ય ઉપાસક હતા. ભગવાન દત્તાત્રેયને બ્રહ્મા વિષ્ણુ અને મહેશના ત્રિદેવ સ્વરૂપ તરીકે પૂજવામાં આવે છે. શ્રી દત્તાત્રેય ભગવાનનું જીવન જ્ઞાન, વૈરાગ્ય, ગુરૂતત્વ અને આત્મસાક્ષાત્કારની પ્રેરણા આપે છે. શ્રી રંગ અવધૂત મહારાજે ગુજરાતી ભાષામાં રચેલી 'શ્રી દત્તબાવની' તેમની અમર આધ્યાત્મિક રચના છે. આ રચનામાં ભગવાન દત્તાત્રેયની મહિમા, કૃપા, ભક્તિ, શરણાગતિ અને જીવનકલ્યાણની ભાવના સુંદર રીતે વ્યક્ત થઈ છે. દત્તબાવનીના પાઠ દ્વારા અસંખ્ય ભક્તો આજે પણ દત્તાત્રેય ભગવાનનું સ્મરણ કરે છે. આ રચના માત્ર સ્તુતિ નથી પરંતુ ભક્તને શ્રદ્ધા, વિશ્વાસ, સમર્પણ અને સદાચારના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. તેમણે ગુજરાતી, સંસ્કૃત, મરાઠી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં ૪૫થી વધુ ગ્રંથોની રચના કરી હતી, તેમના સાહિત્યમાં આધ્યાત્મિક જ્ઞાન, ગુરૂમહિમા, ભક્તિ, આત્મચિંતન અને જીવનઘડતરના વિચારોનો વિશાળ ખજાનો જોવા મળે છે. 'ગુરૂલીલામૃત', 'અવધૂત આનંદ', 'પત્રગીતા', 'રંગહૃદયમ્' અને 'નારેશ્વર મહાત્મ્ય' જેવી કૃતિઓ વિશેષ ઉલ્લેખનીય છે.

શ્રી રંગ અવધૂત મહારાજની જીવનોપયોગી શિક્ષાઓઃ શ્રી રંગ અવધૂત મહારાજનું જીવન માત્ર સાધુસંતો માટે જ નહીં પરંતુ દરેક સામાન્ય વ્યક્તિ માટે પણ પ્રેરણારૂપ છે, તેમણે પોતાના જીવન અને સાહિત્ય દ્વારા માનવીને સુખી શાંત સંયમી અને આધ્યાત્મિક બનાવવાની અનેક શિક્ષાઓ આપી છે.

પરમાત્માનું અખંડ સુમિરણ કરોઃ માનવજીવનમાં પરમાત્માનું નામ સુમિરણ સૌથી મોટો આધાર છે. દુનિયાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં મનમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ જાળવી રાખવી જોઈએ. ઊઠતાં, બેસતાં, ચાલતાં, કામ કરતાં અને જીવનની દરેક પરિસ્થિતિમાં પરમાત્માનું સુમિરણ કરવું સાચી ભક્તિ છે. પ્રભુ નામ સુમિરણથી મનની ચંચળતા ઓછી થાય છે વિચારોમાં પવિત્રતા આવે છે અને અંતરમાં શાંતિનો અનુભવ થાય છે.

સદ્ગુરૂ પ્રત્યે અખંડ શ્રદ્ધા અને સમર્પણ રાખોઃ આધ્યાત્મિક જીવનમાં સદ્ગુરૂનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. ગુરૂ માનવીને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને મોહમાંથી મુક્તિ તરફ દોરી જાય છે, તેમણે પોતાના ગુરૂદેવના ઉપદેશ અને માર્ગદર્શનને જીવનમાં ઉતારીને સાધનાનો માર્ગ અપનાવ્યો હતો. ગુરૂ પ્રત્યેની શ્રદ્ધા માત્ર શબ્દોમાં નહીં પરંતુ ગુરૂના વિચારો અને ઉપદેશોનું જીવનમાં ઉતારીને પોતાના સ્વભાવ અને વર્તનમાં પરિવર્તન લાવે.

ગુરૂ પ્રત્યે શ્રદ્ધા રાખીએ, માતા-પિતાની સેવા કરીએ, જરૂરિયાતમંદોની મદદ કરીએ, મન ઉપર સંયમ રાખીએ, અહંકારનો ત્યાગ કરીએ અને દરેક જીવમાં પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરીએ, માનવી પાસે ભૌતિક સુખ-સગવડો વધતી જાય છે પરંતુ આંતરિક શાંતિ ઓછી થતી જાય છે, આવા સમયે સંતોના જીવન અને ઉપદેશો આપણને આત્મચિંતન સદાચાર અને આધ્યાત્મિકતા તરફ વાળે છે

મન ઉપર નિયંત્રણ રાખોઃ માનવીના સુખ અને દુઃખનું મોટું કારણ તેનું મન છે. મન ક્યારેક ભૂતકાળની ચિંતામાં રહે છે તો ક્યારેક ભવિષ્યની કલ્પનાઓમાં ભટકે છે પરિણામે માનવી વર્તમાનની શાંતિ ગુમાવી બેસે છે. મનને કાબૂમાં રાખવા માટે નિયમિત ધ્યાન, જપ, સ્વાધ્યાય અને સાત્વિક વિચારોનો અભ્યાસ કરવો જોઈએ. મન ઉપર વિજય મેળવનાર વ્યક્તિ પરિસ્થિતિઓનો ગુલામ બનતી નથી.


સાદગી અને સંતોષભર્યું જીવન જીવોઃ સાચી સમૃદ્ધિ ધનસંપત્તિમાં નહીં પરંતુ મનની શાંતિ અને સંતોષમાં રહેલી છે. જરૂરિયાતો અને ઈચ્છાઓ વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. આધુનિક યુગમાં માનવી પાસે સુખ-સગવડનાં અનેક સાધનો હોવા છતાં તે અસંતોષ ઈર્ષ્યા સ્પર્ધા અને તણાવથી ઘેરાયેલો રહે છે, ઓછામાં ઓછા સાધનોમાં પણ આનંદપૂર્વક જીવી શકાય છે, જીવનમાં જરૂરિયાતો પૂરી કરવી જોઈએ પરંતુ અતિશય લાલચ અને સંગ્રહવૃત્તિથી દૂર રહેવું જોઈએ.

માતા-પિતાની સેવા અને વડીલોનું સન્માન કરોઃ માતા-પિતા આપણા જીવનના પ્રથમ ગુરૂ છે, તેમનાં સંસ્કારોથી જ બાળકના જીવનનું ઘડતર થાય છે. આધ્યાત્મિકતા અને માતા-પિતાની સેવા એકબીજાથી અલગ નથી, માતા-પિતાની સેવાવડીલોનું સન્માન અને પરિવાર પ્રત્યેની જવાબદારીનું પાલન કરવું એ પણ ધર્મ છે. આજના સમયમાં વૃદ્ધ માતા-પિતા એકલતા અને ઉપેક્ષાનો અનુભવ કરે છે, તેમની જરૂરિયાતો પૂરી કરવી, તેમની સાથે પ્રેમથી વાત કરવી અને તેમને માન-સન્માન આપવું એ દરેક સંતાનની નૈતિક ફરજ છે.

માનવસેવા એ જ સાચી ઈશ્વરસેવા છેઃ ધર્મનો સાચો હેતુ માનવીને માનવતા શીખવવાનો છે. ભૂખ્યા માણસને ભોજન આપવું, બીમારની સારવાર કરાવવી, નિરાધારને સહારો આપવો અને દુઃખી વ્યક્તિને આશ્વાસન આપવું એ પણ ઈશ્વરની ઉપાસના છે. તેઓ સમાજકલ્યાણની પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન આપતા હતા, તેમના પ્રભાવથી નારેશ્વર ખાતે અન્નક્ષેત્ર, ઔષધાલય, શિક્ષણ અને આરોગ્યસેવા જેવી સત્પ્રવૃત્તિઓને પ્રેરણા મળી. ભક્તિની સાથે માનવસેવા પણ હોવી જોઈએ, જે ભક્તિથી માનવીના હૃદયમાં દયાકરૂણા અને પરોપકારની ભાવના જાગતી નથી તે ભક્તિનું સાચું પરિણામ નથી.

ગમે તેવી પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવુંઃ જીવનમાં સુખ-દુઃખ, લાભ-હાની, માન-અપમાન આવતાં રહે છે, દરેક પરિસ્થિતિ કાયમ રહેતી નથી. સમજદાર વ્યક્તિ પરિસ્થિતિ બદલાય ત્યારે પોતાના મનની શાંતિ ગુમાવતી નથી, સુખના સમયમાં અહંકાર કરતી નથી અને દુઃખના સમયમાં નિરાશ થતી નથી. જીવનમાં જે પરિસ્થિતિ મળે તેનો સ્વીકાર કરીને ધીરજ હિંમત અને હકારાત્મકતાથી આગળ વધવું જોઈએ.

અહંકાર અને મોહનો ત્યાગ કરોઃ માનવીના જીવનમાં અહંકાર સૌથી મોટો અવરોધ છે. ધનસત્તા જ્ઞાન સૌંદર્ય અને પ્રતિષ્ઠાનું અભિમાન માણસને બીજા લોકોથી અલગ પાડે છે. અહંકારને કારણે વ્યક્તિ બીજાના ગુણો જોઈ શકતી નથી અને પોતાની ભૂલો સ્વીકારવા



તૈયાર થતી નથી. આધ્યાત્મિક માર્ગમાં નમ્રતા વિનય અને સમર્પણનું વિશેષ મહત્ત્વ છે. આપણે જે કંઈ પ્રાપ્ત કર્યું છે તે પરમાત્માની કૃપા, સમાજના સહયોગ અને અનેક લોકોના આશીર્વાદનું પરિણામ છે એવી ભાવના રાખવી જોઈએ.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા આત્મચિંતન કરોઃ માનવી આખી જિંદગી બાહ્ય જગતને ઓળખવામાં પસાર કરી દે છે પરંતુ પોતાના સાચા સ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરતો નથી. હું કોણ છું? મારા જીવનનો હેતુ શું છે? હું શા માટે જન્મ્યો છું? મારા જીવનમાં કયા સદ્ગુણો હોવા જોઈએ? આવા પ્રશ્નોનું ચિંતન કરવું એ આત્મજ્ઞાન તરફનું પ્રથમ પગથિયું છે. તેમની સાધના અને રચનાઓમાં આત્માનુભવ અદ્વૈતભાવ અને જીવશિવની એકતાનું ઊંડું દર્શન થાય છે. માનવી જ્યારે દેહમન અને અહંકારથી પર પોતાના આત્મસ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરે છે ત્યારે જીવનની સાચી દિશા પ્રાપ્ત થાય છે.

નિંદાસ્તુતિથી પર રહીને કર્તવ્ય કરોઃ દુનિયામાં કોઈપણ વ્યક્તિ દરેકને પ્રસન્ન રાખી શકતી નથી. કોઈ આપણી પ્રશંસા કરશે તો કોઈ ટીકા કરશે, કોઈ માન આપશે તો કોઈ અપમાન કરશે આવી પરિસ્થિતિમાં બીજાના અભિપ્રાયોથી પ્રભાવિત થયા વિના પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક કરતા રહેવું જોઈએ.

સાદગીત્યાગ અને લોકકલ્યાણનું જીવંત ઉદાહરણઃ તેઓ માત્ર ઉપદેશ આપનારા સંત નહોતા પરંતુ પોતાના જીવનમાં ઉપદેશોને સાકાર કરનારા મહાત્મા હતા. તેમનું જીવન અત્યંત સાદગીભર્યું હતું. નિયમિત સાધના, જપ, ધ્યાન, સ્વાધ્યાય અને સંયમ તેમના જીવનના અભિન્ન અંગ હતાં, તેઓ પ્રસિદ્ધિથી દૂર રહીને પોતાના આધ્યાત્મિક આનંદમાં મસ્ત રહેતા હતા. તેમણે અનેક લોકોને આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું અને સમાજમાં સદાચાર સંસ્કાર તથા સેવાભાવનાવિકાસ માટે પ્રેરણા આપી, તેમના જીવનમાં આધ્યાત્મિકતા અને વ્યવહારિક જીવન વચ્ચે સુંદર સમન્વય જોવા મળે છે. નારેશ્વર ખાતે તેમની તપોભૂમિ આજે પણ દત્તભક્તો માટે શ્રદ્ધા અને આસ્થાનું પવિત્ર કેન્દ્ર છે. નર્મદા નદીના કિનારે આવેલું શ્રી રંગ અવધૂત આશ્રમ અને શ્રીરંગ મંદિર તેમની સાધના અને આધ્યાત્મિક વારસાની યાદ અપાવે છે.

મહાન સંતની વિદાય અને અમર આધ્યાત્મિક વારસોઃ શ્રી રંગ અવધૂત મહારાજે પોતાના જીવનનાં અંતિમ દિવસોમાં પણ આધ્યાત્મિક સાધના અને ભક્તિમાર્ગને પ્રાધાન્ય આપ્યું હતું. ૧૯ નવેમ્બર ૧૯૬૮ના રોજ હરિદ્વારમાં ગંગા નદીના પવિત્ર કિનારે તેમણે દેહત્યાગ કર્યો. તેમના પાર્થિવ દેહને નારેશ્વર લાવવામાં આવ્યો હતો અને ત્યાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ભલે તેમનો ભૌતિક દેહ આપણી વચ્ચે રહ્યો નથી પરંતુ તેમનાં જીવનમૂલ્યો, આધ્યાત્મિક રચનાઓ, દત્તબાવની અને ઉપદેશો આજે પણ લાખો ભક્તોના હૃદયમાં જીવંત છે. તેમણે રચેલા સાહિત્ય અને સ્થાપિત કરેલા આધ્યાત્મિક આદર્શો આવ

સ્પોર્ટ્સ ન્યુઝ

ભારત સામે રમનાર પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડની પેસ બોલિંગ પર નજર : ટોમ લાથમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૧૮ : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ગુરુવાર, ૧૯ નવેમ્બરથી બે ટેસ્ટ મેચની શ્રેણીની શરૂઆત થવા જઈ રહી છે. પ્રથમ ટેસ્ટ પહેલાં ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લાથમે પોતાની ટીમની બોલિંગ રણનીતિ અંગે ખુલાસો કર્યો છે. લાથમે સ્પષ્ટ કર્યું છે કે પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ ત્રણ નિષ્ણાત ફાસ્ટ બોલર અને એક બોલિંગ ઓલરાઉન્ડર સાથે મેદાનમાં ઉતરશે. આ જાહેરાત સાથે જ ભારતીય બેટ્સમેનો સામે કિવી ટીમની પેસ બોલિંગ પર ખાસ નજર રહેશે.

વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાનારી પ્રથમ ટેસ્ટ પહેલાં પત્રકારો સાથે વાતચીત કરતાં લાથમે જણાવ્યું હતું કે તેમની પાસે ફાસ્ટ બોલિંગના ઘણા સારા વિકલ્પો ઉપલબ્ધ છે. જોકે, આગામી છથી સાત સપ્તાહના વ્યસ્ત કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ખેલાડીઓના વર્કલોડ અને ફિટનેસ પ્રમાણે બોલિંગ કોમ્બિનેશનમાં ફેરફાર કરવામાં આવશે.

લાથમની જાહેરાત મુજબ પ્રથમ ટેસ્ટમાં કાઇલ જેમિસન, મેટ હેનરી અને જેકબ ડફી ત્રણ નિષ્ણાત ફાસ્ટ બોલર તરીકે જવાબદારી સંભાળશે. જ્યારે નાથન સ્મિથ બોલિંગ ઓલરાઉન્ડર તરીકે ટીમને વધારાનો વિકલ્પ આપશે.

ન્યૂઝીલેન્ડની સંભવિત પ્લેઈંગ ઇલેવનમાં ટોમ લાથમ (કેપ્ટન), ડેવોન કોનવે, હેનરી નિકોલ્સ, રચિન રવિન્દ્ર, ડેરિલ મિચેલ, ટોમ બ્લંડેલ, ગ્લેન ફિલિપ્સ, નાથન સ્મિથ, કાઇલ જેમિસન, મેટ હેનરી અને જેકબ ડફીનો સમાવેશ થઈ શકે છે.

લાથમે કહ્યું હતું કે, તમામ ફાસ્ટ બોલરોની ફિટનેસ અને ઉપલબ્ધતા સારી છે. જોકે, સમગ્ર શ્રેણીમાં કયા ખેલાડીને કેટલી મેચ રમાડવી તે પરિસ્થિતિ અને વર્કલોડના આધારે નક્કી કરવામાં આવશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઇન્ટ ટેબલ અંગે પણ લાથમે પોતાનો અભિગમ સ્પષ્ટ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ટીમનું તાત્કાલિક ધ્યાન પોઇન્ટ ટેબલ પર નહીં, પરંતુ મેદાન પર પોતાના પ્રદર્શન પર છે.

લાથમે કહ્યું હતું કે, "વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનું પોઇન્ટ ટેબલ મારું ધ્યાન નથી. અમે અમારા હાથમાં રહેલી બાબતો પર નિયંત્રણ રાખીશું અને અમારી પોતાની શૈલીનું ક્રિકેટ રમીને જીતવાની શ્રેષ્ઠ તક મેળવવાનો પ્રયાસ કરીશું." ઉલ્લેખનીય છે કે, ન્યૂઝીલેન્ડ હાલમાં WTCના પોઇન્ટ ટેબલમાં ટોચના સ્થાને છે, જ્યારે ભારત ચોથા સ્થાને છે. આવી સ્થિતિમાં બંને ટીમો માટે આ શ્રેણી મહત્ત્વપૂર્ણ બની રહેશે.

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અંગે વાત કરતાં લાથમે તેની બોલિંગની ભરપૂર પ્રશંસા કરી હતી. તેણે સ્વીકાર્યું હતું કે બુમરાહ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો માટે મોટો પડકાર બની શકે છે. લાથમે જણાવ્યું હતું કે, બુમરાહની બોલિંગ એક્શન અનોખી છે અને તે બોલને બંને તરફ સ્વિંગ કરાવવાની ક્ષમતા ધરાવે છે. અલગ-અલગ પરિસ્થિતિઓમાં પણ તે અસરકારક બોલિંગ કરી શકે છે. તેના બોલનો સામનો કરવા માટે બેટ્સમેનોએ ખાસ તૈયારી કરવી પડશે.

તેમણે બુમરાહને વિશ્વકક્ષાનો બોલર ગણાવતાં કહ્યું હતું કે, તેના જેવા બોલર સામે રમવા માટે બેટ્સમેનોએ તેની બોલિંગની શૈલી સાથે તાલમેલ બેસાડવો જરૂરી છે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ ૧૯થી ૨૩ નવેમ્બર દરમિયાન વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાશે. જ્યારે બીજી ટેસ્ટ ૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન ક્રાઇસ્ટચર્ચમાં યોજાશે. આ શ્રેણીમાં બંને ટીમોનું પ્રદર્શન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના સમીકરણો માટે પણ મહત્ત્વનું રહેશે.

ન્યૂઝીલેન્ડ સામેની ચોથી વનડેમાં આચારસંહિતાનો ભંગ

ગુરનૂર બરારને આક્રમક ઉજવણી ભારે પડી, ICCએ ફટકાર્યો ઠપકો

૨૪ મહિનામાં બીજી વખત ગુનો કરતાં કુલ બે ડિમેરિટ પોઇન્ટ થયા, મેચ ફીનો દંડ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮ : ભારતીય ફાસ્ટ બોલર ગુરનૂર બરારને ન્યૂઝીલેન્ડ સામેની ચોથી વનડેમાં આક્રમક રીતે ઉજવણી કરવી ભારે પડી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ આચારસંહિતાના ભંગ બદલ તેને સત્તાવાર ઠપકો આપ્યો છે. આ ઉપરાંત તેના શિસ્તભંગના રેકોર્ડમાં એક ડિમેરિટ પોઇન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. જોકે, આ મામલે તેની મેચ ફીમાં કોઈ કપાત કરવામાં આવી નથી.

૧૩ નવેમ્બરે ન્યૂઝીલેન્ડના માઉન્ટ મૌંગાનુઈ ખાતે રમાયેલી ચોથી વનડે દરમિયાન આ ઘટના બની હતી. ભારતની ઇનિંગ્સની ૧૨મી ઓવરના અંતે ન્યૂઝીલેન્ડના બેટ્સમેન ટિમ સીફર્ટ આઉટ થયા બાદ બરારે આક્રમક અંદાજમાં ઉજવણી કરી હતી. તેની આ હરકતને ICCએ ખેલાડીને ઉશ્કેરે તેવા વર્તન તરીકે ગણાવી હતી.

ICCના સત્તાવાર નિવેદન અનુસાર, ગુરનૂર બરાર ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટેની આચારસંહિતાની કલમ ૨.૫નો ભંગ કરવા બદલ દોષિત ઠર્યો છે. આ કલમ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન આઉટ થયેલા ખેલાડી પ્રત્યે અપમાનજનક ભાષા, હાવભાવ અથવા એવી પ્રતિક્રિયા દર્શાવવા સાથે સંબંધિત છે, જે સામેના ખેલાડીને ઉશ્કેરી શકે. આ મામલે ICCએ બરારને સત્તાવાર ઠપકો આપવાની સાથે તેના ખાતામાં એક ડિમેરિટ પોઇન્ટ ઉમેર્યો છે. ગુરનૂર બરાર માટે આ મામલો એટલા માટે પણ મહત્ત્વનો છે કે છેલ્લા ૨૪ મહિનાના સમયગાળામાં આ તેનો બીજો શિસ્તભંગનો બનાવ છે. નવા ડિમેરિટ પોઇન્ટ સાથે તેના કુલ ડિમેરિટ પોઇન્ટની સંખ્યા બે થઈ ગઈ છે. જોકે, ICCએ આ વખતે માત્ર ઠપકો અને ડિમેરિટ પોઇન્ટની કાર્યવાહી કરી છે. તેના પર કોઈ આર્થિક દંડ લાદવામાં આવ્યો નથી.

મહત્ત્વની વાત એ છે કે બરારે પોતાનો ગુનો સ્વીકારી લીધો હતો અને મેચ રેફરી દ્વારા આપવામાં આવેલી સજાનો પણ સ્વીકાર કર્યો હતો. પરિણામે આ મામલે ઔપચારિક સુનાવણી કરવાની જરૂર પડી નહોતી.

ન્યૂઝીલેન્ડ સામેની આગામી બે ટેસ્ટ મેચની શ્રેણી માટે પણ ગુરનૂર બરારને ભારતીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ૧૯ નવેમ્બરથી શરૂ થનારી ટેસ્ટ શ્રેણી પહેલાં ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. સ્પિનર કુલદીપ યાદવને ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો અને તેના સ્થાને બરારનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, ICCની શિસ્તભંગની કાર્યવાહી બાદ હવે ગુરનૂર બરાર માટે આગામી ટેસ્ટ શ્રેણીમાં પોતાના પ્રદર્શનથી છાપ છોડવાનો પડકાર રહેશે.

ICC ODI રેન્કિંગમાં રોહિત શર્મા પાંચમા સ્થાને સરક્યો, શુભમન ગિલ નંબર-૧ પર યથાવત્

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮ : આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની વનડે બેટિંગ રેન્કિંગમાં ભારતીય સ્ટાર બેટ્સમેન રોહિત શર્માને મોટું નુકસાન થયું છે. ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં નબળા પ્રદર્શનને કારણે રોહિત ચોથા સ્થાનેથી પાંચમા ક્રમે સરકી ગયો છે. બીજી તરફ ભારતીય ટીમનો યુવા બેટ્સમેન શુભમન ગિલ ૮૦૬ રેટિંગ પોઈન્ટ સાથે વિશ્વનો નંબર-૧ વનડે બેટ્સમેન બની રહ્યો છે. વિરાટ કોહલી પણ ૭૫૭ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને યથાવત્ છે.

ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની વનડે શ્રેણીની ચાર ઇનિંગ્સમાં રોહિત શર્મા માત્ર ૩૦ રન બનાવી શક્યો હતો. આ પ્રદર્શનની અસર તેની ICC રેન્કિંગ પર જોવા મળી છે. રોહિતના રેટિંગ પોઈન્ટ ઘટીને ૭૩૨ થઈ ગયા છે. બીજી તરફ અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાને ૭૫૨ પોઈન્ટ સાથે ચોથું સ્થાન મેળવી લીધું છે.

ભારતીય ક્રિકેટ ચાહકો માટે રાહતના સમાચાર એ છે કે શુભમન ગિલે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિશેલ ૭૩૮ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે, જ્યારે વિરાટ કોહલી ૭૫૭ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને યથાવત્ છે.

ભારતીય બેટ્સમેન કેએલ રાહુલને પણ રેન્કિંગમાં નુકસાન થયું છે. તે દસમા સ્થાનેથી સરકીને ૧૧મા ક્રમે પહોંચી ગયો છે. બીજી તરફ પાકિસ્તાનના બાબર આઝમે નવમા સ્થાનેથી આઠમા સ્થાને પ્રગતિ કરી છે. ઈંગ્લેન્ડના જો રૂટે પણ બે સ્થાનનો સુધારો કરીને નવમું સ્થાન મેળવ્યું છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન ટોમ બેન્ટન માટે આ રેન્કિંગમાં મોટી સફળતા રહી છે. ઓસ્ટ્રેલિયા સામે એડિલેડમાં ૧૫ નવેમ્બરે રમાયેલી મેચમાં ૧૨૧ રનની શાનદાર ઇનિંગ્સના કારણે તેણે ૩૪ સ્થાનની છલાંગ લગાવીને ૧૩મું સ્થાન મેળવ્યું છે. બીજી તરફ ભારતીય બેટ્સમેન શ્રેયસ અય્યર પાંચ સ્થાન નીચે સરકીને ૨૩મા ક્રમે પહોંચી ગયો છે. આમ, નવી રેન્કિંગમાં ભારતીય બેટ્સમેનોમાં શુભમન ગિલ અને વિરાટ કોહલીનું વર્ચસ્વ યથાવત્ છે, જ્યારે રોહિત શર્મા અને કેએલ રાહુલના ક્રમમાં ઘટાડો નોંધાયો છે.

ICC વનડે બેટિંગ રેન્કિંગ : ટોપ-૧૦

૧. શુભમન ગિલ (ભારત) — ૮૦૬
૨. ડેરિલ મિશેલ (ન્યૂઝીલેન્ડ) — ૭૩૮
૩. વિરાટ કોહલી (ભારત) — ૭૫૭
૪. ઈબ્રાહિમ ઝાદરાન (અફઘાનિસ્તાન) — ૭૫૨
૫. રોહિત શર્મા (ભારત) — ૭૩૨
૬. શાઈ હોપ (વેસ્ટ ઈન્ડિઝ) — ૭૧૦
૭. બેન ડકેટ (ઈંગ્લેન્ડ) — ૬૯૯
૮. બાબર આઝમ (પાકિસ્તાન) — ૬૬૧
૯. જો રૂટ (ઈંગ્લેન્ડ) — ૬૫૨
૧૦. કુસલ મેન્ડિસ (શ્રીલંકા) — ૬૪૯

મસ્જિદમાં છુપાયો હતો લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર

કુલગામમાં CRPF ચોકી પર હુમલાનો માસ્ટરમાઇન્ડ લતીફ ભટ ઠાર થયો

સુરક્ષાદળોએ તેને આત્મસમર્પણ કરવાની તક આપી હતી, પરંતુ તેણે હથિયાર મૂકવાનો ઇનકાર કર્યો હતો, અંતે થયેલી અથડામણમાં તે માર્યો ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

શ્રીનગર, તા.૧૮

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. દક્ષિણ કાશ્મીરના જંગલપોરા વિસ્તારમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર મોહમ્મદ લતીફ ભટ ઠાર થયો છે. ૧૧ નવેમ્બરે કુલગામના મીર બજાર નજીક CRPF ચોકી પર થયેલા હુમલાનો તે મુખ્ય સૂત્રધાર હોવાનું પોલીસનું કહેવું છે. આ હુમલામાં ત્રણ CRPF જવાનો ઘાયલ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસને બાતમી મળી હતી કે લતીફ ભટ જંગલપોરા વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન લતીફ એક મસ્જિદમાં છુપાઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. સુરક્ષાદળોએ તેને આત્મસમર્પણ કરવાની તક આપી હતી, પરંતુ તેણે હથિયાર મૂકવાનો ઇનકાર કર્યો હતો. અંતે થયેલી અથડામણમાં તે માર્યો ગયો હતો.

કુલગામના SSP અનાયત અલીના જણાવ્યા અનુસાર, તેમણે પોતે લતીફ ભટ સાથે લાંબી વીડિયો કોલ પર વાત કરી હતી. તેને હથિયાર નીચે મૂકીને આત્મસમર્પણ કરવા સમજાવવામાં આવ્યો હતો. જો તે આત્મસમર્પણ કરે તો તેનો જીવ બચાવવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. જોકે, લતીફે આ તક સ્વીકારી નહોતી.

પોલીસના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે ૨.૪૫ વાગ્યે લતીફે મસ્જિદમાં પ્રવેશ કર્યા બાદ ફાયરિંગ શરૂ કર્યું હતું. તેને બહાર લાવવા માટે સુરક્ષાદળોએ ટિયર ગેસના શેલ છોડ્યા હતા. ત્યારબાદ તે મસ્જિદની બહાર આવતાં સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યો ગયો હતો. ધાર્મિક સ્થળને નુકસાન ન પહોંચે તે માટે મસ્જિદની અંદર સીધી કાર્યવાહી ટાળવામાં આવી હોવાનું પણ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

SSPના જણાવ્યા અનુસાર, લતીફ ભટ ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ લશ્કર-એ-તૈયબામાં જોડાયો હતો. તેના પર સરહદ પારથી મળતા નિર્દેશોના આધારે જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓને નુકસાન પહોંચાડવાના પ્રયાસોમાં સંડોવાયેલો હોવાનો આરોપ હતો. ૧૧ નવેમ્બરે મીર બજાર નજીક CRPF ચોકી પર થયેલા હુમલાનો માસ્ટરમાઇન્ડ પણ તેને ગણાવવામાં આવ્યો છે. ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ, સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) અને CRPFની સંયુક્ત ટીમે આ આતંકવાદ વિરોધી ઓપરેશન હાથ ધર્યું હતું.

કુલગામ જિલ્લામાં છેલ્લા સાત દિવસથી આતંકવાદીઓ વિરુદ્ધ સર્ચ અને ઓપરેશન તેજ કરવામાં આવ્યાં છે. ૧૬ નવેમ્બરે લારૂ વિસ્તારમાં થયેલી અથડામણમાં લતીફનો નજીકનો સાથી ઉમર માર્યો ગયો હતો. જ્યારે ૧૭ નવેમ્બરે અન્ય એક અથડામણમાં તેનો સાથી નાસિર ડાર પણ ઠાર થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૧ નવેમ્બરે CRPFની ટીમ પર હુમલો કરતાં પહેલાં લતીફ ભટ અને તેના સાથીઓએ કુલગામમાં રેકી કરી હતી. વિસ્તારના CCTV ફૂટેજમાં બંનેની હાજરી પણ જોવા મળી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. કુલગામ જિલ્લામાં સતત ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનને પગલે સુરક્ષાદળોએ વિસ્તારમાં દેખરેખ અને સર્ચ ઓપરેશન વધુ સઘન બનાવ્યું છે.

ચાંદીની વરખ સમજીને ખાતા હતા એલ્યુમિનિયમ

નકલી વરખ બનાવતી ૪ ફેક્ટરીઓનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

હૈદરાબાદ, તા.૧૮

મીઠાઈ અને મીઠા પાન પર ચમક માટે લગાવવામાં આવતી ચાંદીની વરખના નામે એલ્યુમિનિયમનું વરખ વેચવાનું કૌભાંડ સામે આવ્યું છે. તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં અસલી ચાંદીને બદલે સસ્તા એલ્યુમિનિયમમાંથી નકલી ચાંદી જેવું વરખ બનાવતી ચાર ફેક્ટરીઓનો પોલીસે પર્દાફાશ કર્યો છે.

આ કાર્યવાહી બાદ મીઠાઈ સહિતના ખાદ્ય પદાર્થોની શુદ્ધતા અને ગ્રાહકોના સ્વાસ્થ્ય સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

હૈદરાબાદના ચારમિનાર અને આસપાસના વિસ્તારોમાં આવેલી ચાર ઉત્પાદન ફેક્ટરીઓ પર કમિશનર ટાસ્ક ફોર્સ અને સ્થાનિક પોલીસે સંયુક્ત રીતે દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન આ એકમોમાં અસલી ચાંદીના બદલે સસ્તા એલ્યુમિનિયમનો ઉપયોગ કરીને ચાંદી જેવું દેખાતું પાતળું વરખ બનાવવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ફેક્ટરીઓમાં તૈયાર થતું નકલી વરખ કાજુ કતરી, કાજુ રોલ અને મીઠા પાન જેવી ખાદ્ય વસ્તુઓમાં ઉપયોગ માટે સપ્લાય કરવામાં આવતું હતું. ગ્રાહકો મીઠાઈ પર ચમકતું પડ અસલી ચાંદીનું હોવાનું માનીને ખરીદતા હતા, પરંતુ વાસ્તવમાં તેમાં એલ્યુમિનિયમનો ઉપયોગ થતો હોવાનો ખુલાસો થયો છે.

આ ઉપરાંત એલ્યુમિનિયમ ફ્લેક્સ અને સજાવટ માટેની અન્ય સામગ્રી પણ બનાવવામાં આવતી હતી. એલ્યુમિનિયમનું પડ ચઢાવેલી ખાંડની ગોળીઓ પણ તૈયાર કરવામાં આવતી હતી, જેનો ઉપયોગ બેકરીઓમાં કેક અને અન્ય ખાદ્ય વસ્તુઓની સજાવટ માટે થતો હતો.

પોલીસની તપાસમાં ચારેય ઉત્પાદન એકમો પાસે જરૂરી FSSAI લાઇસન્સ ન હોવાનું પણ સામે આવ્યું છે. ખાદ્ય પદાર્થોમાં ઉપયોગ માટેની સામગ્રીનું ઉત્પાદન યોગ્ય મંજૂરી અને નિયમો વિના કરવામાં આવતું હોવાની બાબતને પોલીસે ગંભીરતાથી લીધી છે.

દરોડા દરમિયાન પોલીસે મોટી માત્રામાં નકલી વરખ અને ઉત્પાદન સામગ્રી જપ્ત કરી છે. જપ્ત કરવામાં આવેલા મુદ્દામાલમાં ૪૯ બંડલ નકલી ચાંદીના વરખ, એલ્યુમિનિયમ ફ્લેક્સ, આશરે એક કિલો એલ્યુમિનિયમનું પડ ચઢાવેલી ખાંડની ગોળીઓ, ઉત્પાદન મશીનરી અને અન્ય કાચો માલ સામેલ છે.

આ કૌભાંડ સામે આવ્યા બાદ પોલીસ હવે નકલી વરખનું નેટવર્ક કેટલું વિસ્તરેલું છે તેની તપાસ કરી રહી છે. આ વરખ કઈ-કઈ મીઠાઈની દુકાનો, પાનના ગલ્લાઓ અને બેકરીઓ સુધી પહોંચાડવામાં આવતું હતું તેની વિગતો મેળવવામાં આવી રહી છે. આ ગેરકાયદે કારોબારમાં અન્ય વેપારીઓ કે સપ્લાયરોની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

મીઠાઈની ચમક પાછળ છુપાયેલા આ કૌભાંડે ખાદ્ય સુરક્ષાની વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે. તહેવારો અને લગ્નપ્રસંગોમાં મોટા પ્રમાણમાં વેચાતી મીઠાઈઓમાં વપરાતી સામગ્રીની ગુણવત્તા અંગે ગ્રાહકોમાં ચિંતા ફેલાઈ છે.

એડવાન્સ AI ચિપ્સના રિમોટ એક્સેસ પર પ્રતિબંધથી ચીની કંપનીઓના શેરોમાં કડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૮

અમેરિકાએ એડવાન્સ એઆઈ ચિપના રિમોટ એક્સેસ પર પ્રતિબંધ લાદવાના પગલે અમેરિકા ઉપરાંત ચીનની કેટલીય એઆઈ કંપનીઓના શેરોમાં કડાકો બોલ્યો છે. તાજેતરમાં એનવિડિયા પ્રકરણના કારણે અમેરિકાની એઆઈ કંપનીઓના શેરોમાં ઘટાડો થયો છે. ચીને અમેરિકાએ પાંચ દેશો પર લાદેલા આ પ્રતિબંધની આકરી ટીકા કરી છે. ટ્રમ્પ એપેકની શિખર પરિષદ માટે ચીન જવા રવાના થયા તેપહેલા અમેરિકાના વાણિજ્ય વિભાગે ચીન, સિંગાપોર, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા અને બ્રાઝિલમાં કરવામાં આવતી એડવાન્સ એઆઈ ચિપ્સની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ચીને અમેરિકાના આ વલણની આકરી ઝાટકણી કાઢી છે.

ચીનને એઆઈમાં પાછળ રાખવા માટે અમેરિકાએ એઆઈની એડવાન્સ ચિપ્સના રિમોટ એક્સેસને ચીનની કંપનીઓ માટે અત્યંત મર્યાદિત કરી દીધું છે. તેને નહીંવત જ કહી શકાય. આના પગલે ચીનની જાણીતી એઆઈ કંપની અને જાન્યુઆરીમાં લિસ્ટિંગ પછી ચાલુ વર્ષે ૨૦૦૦ ટકાનો વધારો નોંધાવનારી કંપની ઝિપુનો શેર એક જ દિવસમાં લગભગ સાત ટકા સુધી તૂટ્યો છે. જૂનમાં ટોચ બનાવ્યા પછી આ કંપનીના શેરમાં અત્યાર સુધીમાં ૮૫ ટકા મૂલ્ય ઘટાડો થયો છે. ઝિપુ પછી તેની હરીફ કંપની મિનીમેક્સનું મૂલ્ય હાલમાં તેની ટોચથી ત્રીજા ભાગનું થઈ ગયું છે. હોંગકોંગમાં અલીબાબા ગ્રુપ હોલ્ડિંગ લિમિટેડના શેરમાં ૫.૬ ટકાનો કડાકો બોલ્યો છે. જ્યારે બૈદુનો શેર ૬.૬ ટકા ઘટ્યો છે. રોબોટ મેકર યુશુ ટેકનોલોજીનો શેર શાંઘાઈ ખાતે ૧૧ ટકા સુધી તૂટી ચૂક્યો છે.

હિમાચલ પ્રદેશના મંડીમાં ગમખ્વાર અકસ્માત : ૫૦૦ મીટર ઊંડી ખીણમાં કાર ખાબકતાં ૬ યુવકોનાં કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

શીમલા, તા.૧૮

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જોગિંદરનગરના લડભડોલ વિસ્તારમાં એક કાર આશરે ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકતાં તેમાં સવાર છ યુવકોનાં કરુણ મોત નીપજ્યાં છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. એકસાથે છ યુવાનોના મોતથી પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.



પ્રાથમિક માહિતી અનુસાર, લડભડોલ વિસ્તારના વેપારી પરિવારો સાથે સંકળાયેલા છ યુવકો સિમસા ખાતે યોજાયેલા એક સમારોહમાં હાજરી આપવા ગયા હતા. મંગળવારે રાત્રે સમારોહ પૂર્ણ થયા બાદ તેઓ કારમાં પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન લડભડોલ પેટ્રોલ પંપ નજીક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હોવાની આશંકા છે. ત્યારબાદ કાર રસ્તા પરથી નીચે ઊંડી ખીણમાં ખાબકી હતી.

અકસ્મત એટલો ભયાનક હતો કે કારને ભારે નુકસાન થયું હતું. કાર આશરે ૫૦૦ મીટર નીચે નદીના કિનારા પાસે ખાબકી હતી. અકસ્માત બાદ યુવકોનો સંપર્ક ન થતાં પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી.

મંગળવાર રાતથી ગુમ થયેલા યુવકોની કાર બુધવારે સવારે ખીણમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને બચાવ કામગીરીની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે મુશ્કેલી વચ્ચે તમામ છ યુવકોના મૃતદેહ ખીણમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

મૃતકોમાં ૧૮ વર્ષીય આદિત્ય, ૧૯ વર્ષીય આયુષ ઉપરાંત યશ, પંકજ, અર્નવ અને અનુજનો સમાવેશ થાય છે. અહેવાલ અનુસાર, મૃતકોમાંથી ચાર યુવકો સગીર વયના હતા.

એકસાથે છ યુવાનોના મોતના સમાચાર મળતાં જ મૃતકોના પરિવારોમાં ભારે આક્રંદ ફાટી નીકળ્યો હતો. સમગ્ર લડભડોલ વિસ્તારમાં શોકની લાગણી જોવા મળી રહી છે. પધરના ડીએસપી લોકેન્દ્ર નેગીએ ઘટનાની પુષ્ટિ કરી છે. પોલીસે અકસ્માત પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

આ દુર્ઘટનાના પડઘા હિમાચલ પ્રદેશની વિધાનસભામાં પણ પડ્યા હતા. શિયાળુ સત્ર દરમિયાન આ અકસ્માતમાં જીવ ગુમાવનારા યુવકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઘટનાને પગલે ગૃહની કાર્યવાહી નિર્ધારિત સમય કરતાં ૧૦ મિનિટ વહેલી સ્થગિત કરવામાં આવી હતી.

જોગિંદરનગરના ધારાસભ્ય પ્રકાશ રાણાએ પણ આ દુર્ઘટના અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ અકસ્માતે ફરી એકવાર પહાડી વિસ્તારોમાં માર્ગ સુરક્ષા અને વાહનચાલન દરમિયાન સાવચેતી રાખવાની જરૂરિયાત પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

IPLમાંથી નિવૃત્તિ બાદ ધોનીનો પહેલો વીડિયો વાયરલ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ચેન્નાઈ, તા.૧૮

ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી મહેન્દ્ર સિંહ ધોનીએ IPLમાંથી નિવૃત્તિ જાહેર કર્યા બાદ સોશિયલ મીડિયા પર પોતાનો પહેલો વીડિયો શેર કર્યો છે. ધોનીએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા આ વીડિયોમાં ચાહકો પ્રત્યે આભાર વ્યક્ત કરવાની સાથે છ વર્ષ પહેલાં લીધેલા એક નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો છે.

વીડિયોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, 'ચાહકોએ મને ખોટો સાબિત કર્યો છે.' ધોનીની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની છે.

મંગળવાર, ૧૭ નવેમ્બરના રોજ ધોનીએ IPLમાંથી નિવૃત્તિ લીધી હતી. IPL 2027 માટે ખેલાડીઓની રિટેન્શન યાદી જાહેર થાય તેના થોડા કલાકો પહેલાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)એ ધોનીને ટીમના મેન્ટર તરીકે નિયુક્ત કરવાની સત્તાવાર જાહેરાત કરી હતી. આમ, મેદાન પર ખેલાડી તરીકેની તેની સફર પૂર્ણ થયા બાદ હવે તે ટીમને માર્ગદર્શન આપવાની નવી ભૂમિકામાં જોવા મળશે.

નિવૃત્તિ બાદ શેર કરેલા વીડિયોમાં ધોનીએ બેકગ્રાઉન્ડમાં 'મેં હર એક પલ કા શાયર હું, હર એક પલ મેરી કહાની હૈ' ગીતનો ઉપયોગ કર્યો છે. આ સાથે તેણે લખ્યું છે કે, ચાહકોએ તેને ખોટો સાબિત કર્યો છે અને આ વાત સ્વીકારવા માટે આ ગીતથી વધુ સારું બીજું કંઈ હોઈ શકે નહીં. ગીતનાં બે અલગ વર્ઝન હોવા પાછળનું કારણ પણ તેણે પોતાની ભૂલ સાથે જોડ્યું છે. ધોનીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. તે સમયે તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં 'મેં પલ દો પલ કા શાયર હું, પલ દો પલ મેરી કહાની હૈ' ગીતનો ઉપયોગ કર્યો હતો.

જોકે, હવે IPLમાંથી નિવૃત્તિ સમયે તેણે આ જ ગીતનું અલગ વર્ઝન પસંદ કર્યું છે. ધોનીના આ અંદાજને તેની જૂની નિવૃત્તિની જાહેરાત સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે. ચાહકો પ્રત્યેની લાગણી વ્યક્ત કરતી તેની આ પોસ્ટને સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.

IPL ૨૦૨૭ની રિટેન્શન યાદીમાં ચેન્નાઈ સુપર કિંગ્સે

વિશ્વભરની જાણીતી વેબસાઈટ્સ હેકર્સના નિશાન પર

બીબીસી, સીએનએન સહિત ૧૭૮ વેબસાઈટ પર માલવેરથી મોટો સાઈબર હુમલો

ઓપ્ટિમાઇઝલી વેબ પ્લેટફોર્મ દ્વારા હેકર્સે ક્રિપ્ટો વોલેટ, બેન્કિંગ અને પેમેન્ટની વિગતો ચોર્યાની આશંકા વ્યક્ત થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૮

ટોચની મીડિયા કંપનીઓ તેમજ ચર્ચાસ્પદ બ્રાન્ડ્સને ટાર્ગેટ કરીને મોટો સાઈબર હુમલો કરવામાં આવ્યો છે. આ સાઈબર હુમલાની લપેટમાં ઝૂમ, બીબીસી, સીએનએન, આઈકીયા, એચએસબીસી વગેરે પણ આવી ગયા હતા. હેકરે કોઈ પણ કંપનીની સિસ્ટમને હેક નહોતી કરી પરંતુ એક થર્ડ પાર્ટી પ્લેટફોર્મ ઓપ્ટિમાઈઝલી વેબનો ઉપયોગ કર્યો હતો. આશરે ૧૭૮ જેટલી વેબસાઈટ પર ખતરનાક માલવેર મળી આવ્યો હતો, સાથે જ ક્રિપ્ટો વોલેટ અને બેન્કની વિગતોની પણ ચોરી થઈ છે.

આ સમગ્ર મામલો ૧૬મી નવેમ્બરના સામે આવ્યો હતો, આ સાઈબર હુમલામાં હેકર્સે વેબસાઈટ પર એક ખતરનાક કોડને ઈન્જેક્ટ કર્યો હતો. આ કોડ યૂઝર્સના ક્રિપ્ટો કરંસી વોલેટનું એડ્રેસ બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. સાથે જ પેમેન્ટની જાણકારી પણ ચોરી શકે અને બ્રાઉઝરની કુકીઝ તેમજ સ્ક્રીનશોટને પણ સામેલ કરી શકે છે. વિશ્વભરમાં આશરે ૧૭૮ જેટલી વેબસાઈટ્સ પર આ સાઈબર હુમલો કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આઈફોન અને આઈપેડ યૂઝર્સને નિશાન બનાવવા માટે કોરન અને ડાર્કસ્વોર્ડ જેવા આઈઓએસ એક્સપ્લોઈટ કિટ પણ સામેલ હતા. આ સાઈબર હુમલામાં ક્રિપ્ટોકરંસીની ચોરી થયાનું સામે આવ્યું છે. ટ્રાન્ઝેક્શનની પણ કેટલીક જાણકારી સામે આવી રહી છે. સાઈબર એટેકમાં ઓપ્ટિમાઈઝલી વેબ પ્લેટફોર્મનો ઉપયોગ થયો છે. ઓપ્ટિમાઈઝલી વેબ પ્લેટફોર્મ કંપનીઓની પોતાની વેબસાઈટ પર અલગ અલગ ડિઝાઈન અને



ફીચર્સનું ટેસ્ટિંગની સુવિધા આપે છે. જેના માટે વેબસાઈટ પર જાવાસ્ક્રિપ્ટનો એક સ્નિપેટ લોડ કરવામાં આવે છે. આ સાઈબર હુમલાનું સૌથી ખતરનાક ફીચર ક્રિપ્ટોકરંસી વોલેટનું એડ્રેસ બદલવાનું હતું. આ ઘટના બાદ નિષ્ણાતોએ એવી સલાહ આપી છે કે જો લોકો સત્તાવાર વેબસાઈટનો ઉપયોગ કરીને પણ રૂપિયા ટ્રાન્સફર કરતા હોય તો પણ રિસીવરનું નામ, આઈડી વગેરેની ચકાસણી ખાસ કરવી જોઈએ.

લાખો યુઝર્સ મુશ્કેલીમાં

એપલ અને ગૂગલના અનેક ડિજિટલ પ્લેટફોર્મમાં પણ અચાનક વિક્ષેપ સર્જાયા

iCloud, Apple Pay, App Store, Gmail અને Google Searchમાં ટેકનિકલ સમસ્યા જોવા મળી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮

દુનિયાભરમાં ડિજિટલ સેવાઓ પર નિર્ભરતા વધી રહી છે ત્યારે ટેકનોલોજી ક્ષેત્રે સતત બીજા સપ્તાહે મોટી ટેકનિકલ સમસ્યાઓ સામે આવી છે. માઈક્રોસોફ્ટની સેવાઓમાં સર્જાયેલી ખામી બાદ હવે એપલ અને ગૂગલના અનેક ડિજિટલ પ્લેટફોર્મમાં પણ અચાનક વિક્ષેપ સર્જાયો હતો.

અમેરિકા સહિત અનેક દેશોના યુઝર્સને iCloud, Apple Pay, App Store, Gmail અને Google Search જેવી સેવાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી હતી. આ સમસ્યાને પગલે લોગિન, ઈ-મેઈલ ચેક કરવા, મેસેજ મોકલવા અને ઓનલાઈન પેમેન્ટ જેવી કામગીરી પ્રભાવિત થઈ હતી.

ભારતીય સમય અનુસાર મંગળવારે મોડી રાત્રે એપલ અને ગૂગલની સેવાઓમાં ટેકનિકલ ખામીની ફરિયાદો આવવા લાગી હતી. આઉટેજ પર નજર રાખતી વેબસાઈટ ડાઉનડિટેક્ટર પર પણ મોટી સંખ્યામાં યુઝર્સે સેવાઓ ખોરવાઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. ખાસ કરીને એપલની iCloud અને Apple Pay સેવાઓમાં સૌથી વધુ



મુશ્કેલી નોંધાઈ હતી. ત્યારબાદ Google Search અને Gmailમાં પણ ખામીની ફરિયાદો સામે આવી હતી.

એપલ અને ગૂગલની સેવાઓમાં સર્જાયેલી ખામીને કારણે યુઝર્સને એકાઉન્ટમાં સાઈન ઈન કરવામાં, ઈ-મેઈલ મોકલવા અને મેળવવામાં તેમજ ઓનલાઈન પેમેન્ટ કરવામાં મુશ્કેલી પડી હતી. કેટલાક યુઝર્સે ફંડ ટ્રાન્સફર અને એકાઉન્ટ વેરિફિકેશનમાં પણ સમસ્યા આવતી હોવાની ફરિયાદ કરી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર અનેક યુઝર્સે પોતાના અનુભવો શેર કર્યા હતા. તેમાં મોટાભાગની ફરિયાદો Apple Pay કામ ન કરતું હોવા અંગેની હતી. જ્યારે કેટલાક યુઝર્સે iCloud અને Apple Accountમાં સાઈન ઈન કરવામાં મુશ્કેલી પડતી હોવાની માહિતી આપી હતી.

આઉટેજ દરમિયાન એપલની અનેક સેવાઓ પ્રભાવિત થઈ હતી. તેમાં iCloud, App Store, Apple Pay, Apple Support, Apple Music, iPhone Activation અને App Store Connect જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ સેવાઓમાં લોગિન, કનેક્ટિવિટી અને અન્ય કામગીરી કરવામાં યુઝર્સને મુશ્કેલી પડી હતી.

જોકે, આ સમસ્યા લાંબો સમય રહી નહોતી. અહેવાલ અનુસાર, ધીમે ધીમે સેવાઓ પુનઃ શરૂ થવા લાગી હતી અને બુધવાર સવાર સુધીમાં મોટાભાગની સેવાઓ સામાન્ય રીતે કાર્યરત થઈ ગઈ હતી.

APEC સમિટમાં ભાગ લેવા ચીન મુલાકાત

ટ્રમ્પ ચીન પહોંચ્યા, એરપોર્ટ પર જિનપિંગે કર્યું ભવ્ય સ્વાગત

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ત્રિપક્ષીય બેઠક અને પરમાણુ હથિયારો સહિતના મુદ્દે ચર્ચા થવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

બેઈજિંગ, તા.૧૮

અમેરિકા અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાતી મુલાકાત દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ચીન પહોંચ્યા હતા. એશિયા-પેસિફિક ઇકોનોમિક કોઓપરેશન (APEC) સમિટમાં ભાગ લેવા આવેલા ટ્રમ્પનું દક્ષિણ ચીનના શેનઝેન એરપોર્ટ પર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે સ્વાગત કર્યું હતું. બંને દેશોના રાષ્ટ્રાધ્યક્ષોની આ મુલાકાત પર આંતરરાષ્ટ્રીય સમુદાયની નજર મંડાયેલી છે.

ટ્રમ્પની ચીન મુલાકાત દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ત્રિપક્ષીય બેઠક યોજાવાની શક્યતા અંગે પણ ચર્ચા થઈ રહી છે. ટ્રમ્પે પરમાણુ હથિયારો પર નિયંત્રણ અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. જોકે, ટ્રમ્પના કેટલાક સહયોગીઓએ અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે સંભવિત ત્રિપક્ષીય બેઠકના એજન્ડામાં યુક્રેન યુદ્ધનો સમાવેશ નહીં થાય. ટ્રમ્પે મંગળવારે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રશિયા-યુક્રેન યુદ્ધનો ઉકેલ લાવવા માટે કરારની શક્યતા ઊભી થઈ છે. તેમણે કહ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે સમજૂતીની દિશામાં પ્રગતિ થઈ શકે છે અને આ અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. ચીન પ્રવાસ દરમિયાન ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથે અલગ બેઠક યોજવાની સંભાવના અંગે પણ ટ્રમ્પે સંકેત આપ્યો હતો. અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ ઉત્તર કોરિયા સાથેના તણાવને ઘટાડવા અને ચર્ચા કરવા માટે તૈયાર છે. જોકે, રુબિયોએ સ્પષ્ટ કર્યું હતું કે ટ્રમ્પ અને કિમ જોંગ ઉન વચ્ચે ગુરુવારે કોઈ બેઠક નિશ્ચિત થઈ નથી. તેમણે કહ્યું હતું કે, અમેરિકી રાષ્ટ્રપતિ ઉત્તર કોરિયાના નેતા સાથે મુલાકાત અને ચર્ચા કરવા ઇચ્છુક છે, જેમ તેમણે પોતાના અગાઉના કાર્યકાળ દરમિયાન પણ પ્રયાસ કર્યો હતો.

ચીન પહોંચતા પહેલાં ટ્રમ્પે ફિલિપાઈન્સની મુલાકાત લીધી હતી. મનીલામાં ASEAN સમિટ અને ક્વાડ નેતાઓની બેઠકમાં ભાગ લીધા બાદ તેમણે ફિલિપાઈન્સ સાથે નવા વેપાર કરારની જાહેરાત કરી હતી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ફિલિપાઈન્સ સાથે વેપાર, રાષ્ટ્રીય સુરક્ષા અને અન્ય મહત્ત્વના મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા થઈ છે. તેમણે આ નવા કરારને ઐતિહાસિક ગણાવ્યો હતો અને ખાસ કરીને અમેરિકાના ખેડૂતો તથા ઊર્જા ક્ષેત્રને તેનો લાભ મળવાની આશા વ્યક્ત કરી હતી. ટ્રમ્પે ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ માર્કોસની પ્રશંસા કરતાં તેમની સાથે મુલાકાતને સન્માનજનક ગણાવી હતી. APEC સમિટના માધ્યમથી ટ્રમ્પની ચીન મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધો પૂરતી મર્યાદિત નથી. વેપાર, રાષ્ટ્રીય સુરક્ષા, પરમાણુ શસ્ત્રો અને વૈશ્વિક સંઘર્ષો જેવા મુદ્દાઓ પર થનારી ચર્ચાઓ આંતરરાષ્ટ્રીય રાજકારણ માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. હવે ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચેની બેઠકમાં કયા મુદ્દાઓ પર સહમતી સધાય છે તેના પર વિશ્વની નજર રહેશે.



એલિયન સામે લડશે અક્ષય કુમાર પહેલીવાર

'સમુક'ના મોશન પોસ્ટરમાં અક્ષયનો મિલિટરી અવતાર, રિલીઝ ડેટ જાહેર

વિપુલ અમૃતલાલ શાહ સાથેની સાયન્સ ફિક્શન એક્શન થ્રિલર ૨૮ મે ૨૦૨૭ના રોજ સિનેમાઘરોમાં આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ : અક્ષય કુમાર હવે સાયન્સ ફિક્શનની દુનિયામાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે. ફિલ્મ નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ સાથેની તેની આગામી ફિલ્મ 'સમુક'નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. પોસ્ટરમાં ફિલ્મની એલિયન આધારિત કહાનીની પ્રથમ ઝલક જોવા મળે છે. સાથે જ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. આ સાયન્સ ફિક્શન એક્શન થ્રિલર ૨૮ મે, ૨૦૨૭ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

મોશન પોસ્ટરમાં અક્ષય કુમાર લશ્કરી અંદાજના રફ લૂકમાં જોવા મળે છે. તેના હાથમાં રાઈફલ છે અને તેની સામે કોઈ અજાણી પરગ્રહવાસી શક્તિના વિશાળ હાથની ભયાનક આકૃતિ દેખાય છે. પોસ્ટર સાથે 'ધ મિશન ઈઝ હ્યુમન બટ ધ એનિમી ઈઝન્ટ' ટેગલાઈન પણ રજૂ કરવામાં આવી છે. આ ટેગલાઈન પરથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મમાં માનવજાતનો સામનો કોઈ અજાણી પરગ્રહવાસી શક્તિ સાથે થવાનો છે. ફિલ્મમાં માનવ અસ્તિત્વ અને બચાવ માટેના સંઘર્ષને રજૂ કરવામાં આવશે.

જોકે, આ જાહેરાત ફિલ્મની કાસ્ટ, પાત્રો કે વાર્તા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આગામી અપડેટમાં ફિલ્મ વિશે વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે. 'સમુક'માં અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહ ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે. આ અગાઉ બંનેએ 'આંખેં', 'વક્તઃ ધ રેસ અગેઈન્સ્ટ ટાઈમ', 'નમસ્તે લંડન', 'સિંગ ઈઝ કિંગ' અને 'એક્શન રિપ્લે' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. કોમેડી, ડ્રામા, રોમાન્સ અને એક્શન બાદ આ જોડી હવે સાયન્સ ફિક્શન જોનરમાં હાથ અજમાવી રહી છે.

હનુમાન ચાલીસા અને દર્શકોની આસ્થાનો પણ ઉલ્લેખ

પશ્ચિમ બંગાળના SVF સિનેમાની ૩૦ મલ્ટિપ્લેક્સમાં નવો નિયમ લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા) **કોલકાતા**

રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનિત ફિલ્મ 'રામાયણ'ને લઈને પશ્ચિમ બંગાળના સિનેમા જગતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ફિલ્મ પ્રત્યે દર્શકોની આસ્થા અને ધાર્મિક લાગણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યની જાણીતી મલ્ટિપ્લેક્સ ચેઈન SVF સિનેમાએ ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન ઓડિટોરિયમની અંદર માંસાહારી ભોજન પીરસવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય પશ્ચિમ બંગાળમાં આવેલી SVFની તમામ ૩૦ મલ્ટિપ્લેક્સમાં લાગુ કરવામાં આવ્યો છે.

મલ્ટિપ્લેક્સના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, 'રામાયણ' હિન્દુ મહાકાવ્ય પર આધારિત હોવાથી લોકોની ધાર્મિક લાગણીઓ અને ભક્તિને માન આપીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફિલ્મના શો દરમિયાન ઓડિટોરિયમની અંદર માત્ર શાકાહારી ભોજન જ પીરસવામાં આવશે.

જોકે, દર્શકો માટે એક રાહતની વાત એ છે કે મલ્ટિપ્લેક્સના બહારના ફૂડ કાઉન્ટર પર માંસાહારી ભોજન પહેલાની જેમ ઉપલબ્ધ રહેશે. આ નિયમ માત્ર 'રામાયણ' ફિલ્મના સ્ક્રીનિંગ માટે જ લાગુ પડશે. અન્ય ફિલ્મો માટે ફૂડ સર્વિસમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

મલ્ટિપ્લેક્સ ચેઈનના માલિકે જણાવ્યું હતું કે, કેટલીક ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નથી હોતી, પરંતુ લોકોની આસ્થા સાથે પણ જોડાયેલી હોય છે. તેમણે કહ્યું કે, જ્યારે ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન હનુમાન ચાલીસા વગાડવામાં આવે છે ત્યારે ઓડિટોરિયમનું વાતાવરણ મંદિર જેવું બની જાય છે.

તેમણે ૨૦૨૪માં રિલીઝ થયેલી ફિલ્મ 'મહાવતાર નરસિંહ'નો પણ ઉલ્લેખ કર્યો હતો. તે સમયે ઘણા દર્શકોએ થિયેટરમાં પ્રવેશતાં પહેલાં પોતાનાં જૂતાં-ચંપલ બહાર ઉતાર્યાં હતાં. આ ઉપરાંત 'હનુમાન અંશ' ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન પણ દર્શકોએ માત્ર શાકાહારી ભોજન પીરસવાની વિનંતી કરી હતી.

SVF સિનેમાનો આ નિર્ણય ધાર્મિક વિષયવસ્તુ ધરાવતી ફિલ્મોના સ્ક્રીનિંગ દરમિયાન દર્શકોના અનુભવને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. હવે પશ્ચિમ બંગાળના ૩૦ મલ્ટિપ્લેક્સમાં 'રામાયણ' જોવા આવતા દર્શકોને ઓડિટોરિયમની અંદર માત્ર શાકાહારી ભોજન જ મળશે. આ નિર્ણય સિનેમા જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

સોનુ સૂદે મુશ્કેલીમાં શરદ કપૂરને મદદનો હાથ લંબાવ્યો

કામની અપીલ બાદ સોનુ સૂદે શરદ કપૂરની મુલાકાત લઈ સારવાર કરાવી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડમાં કામ અને સહયોગની ભાવુક અપીલ કરનાર અભિનેતા શરદ કપૂરની સોનુ સૂદે મુલાકાત લીધી હતી. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં સોનુ તેમની તબિયત અને પગની સારવાર અંગે પૂછપરછ કરતો જોવા મળ્યો હતો. સોનુ શરદને તેમના બિલ્ડિંગ સુધી મૂકવા ગયો હતો. શરદ ચાલવા માટે વૉકિંગ ફ્રેમનો સહારો લેતા જોવા મળ્યા હતા. 'ફ્રી પ્રેસ જર્નલ'ના અહેવાલ મુજબ, સોનુએ તેમના માટે તબીબી સામગ્રીની વ્યવસ્થા પણ કરી છે અને તેમની તબિયત અંગે સતત માહિતી મેળવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે શરદે સ્વાસ્થ્યની સમસ્યાઓને કારણે પોતાના ચાર પાલતુ શ્વાન જોશ, રિબેલ, સ્ટાર અને પેન્થરને પ્રાણી કલ્યાણ કેન્દ્રમાં મોકલ્યાં હતાં.



આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ તેમના મિત્ર અને મુંબઈસ્થિત 'બેઝુબાન પબ્લિક વેલ્ફેર ટ્રસ્ટ'નાં સંચાલક હેમા ચૌધરીએ જણાવ્યું હતું કે શરદ છેલ્લા લગભગ બે વર્ષથી શારીરિક અને માનસિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેમને મગજ સંબંધિત તકલીફ છે અને પગમાં ફેક્ચર પણ થયું છે. આ મુશ્કેલ સમય દરમિયાન શરદે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને બોલિવૂડના સાથી કલાકારો અને CINTAAને કામ અપાવવાની અપીલ કરી હતી. તેમણે ડિપ્રેશનમાંથી પસાર થઈ રહ્યા હોવાનું જણાવી કહ્યું હતું, "મને આર્થિક, નૈતિક અને માનસિક રીતે મદદની ખરેખર જરૂર છે... હું CINTAAને અપીલ કરવા માગું છું કે હું સારા કામની શોધમાં છું. મને તમારા સહયોગની જરૂર છે. થોડો નૈતિક સહયોગ પણ મારા માટે પૂરતો છે. હું સારો અભિનેતા છું અને તમે એ જાણો છો. પૈસાની સમસ્યા નથી, મારી એકમાત્ર ઈચ્છા ફરીથી કામ શરૂ કરવાની છે."

શરદે 1994માં ફિલ્મ 'મેરા પ્યારા ભારત'થી અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. મહેશ ભટ્ટની ટેલિવિઝન શ્રેણી 'સ્વાભિમાન'થી તેમને ઓળખ મળી હતી. ત્યારબાદ તેમણે 'તમન્ના', 'ત્રિશક્તિ', 'જોશ', 'આગાઝ', 'ખૌફ', 'હથિયાર', 'જાની દુશ્મનઃ એક અનોખી કહાની', 'LOC: કારગિલ' અને 'લક્ષ્ય' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

'સ્ટુડન્ટ ઓફ ધ યર'ની સફળતાનો ભાર શનાયા મન પર રાખવા નથી માગતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કરણ જોહરની લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝી 'સ્ટુડન્ટ ઓફ ધ યર'ની નવી સિરીઝ 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક'માં લીડ રોલ ભજવી રહેલી શનાયા કપૂરે જણાવ્યું કે આ ફ્રેન્ચાઈઝીની સફળતાને આગળ ધપાવવાની જવાબદારી મોટી છે, પરંતુ તેણે તેનો ભાર અનુભવવાને બદલે નવી વાર્તા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું હતું. આ સિરીઝમાં શનાયા ડબલ રોલમાં જોવા મળે છે. કરણ જોહરની આ ફ્રેન્ચાઈઝીએ અગાઉ આલિયા ભટ્ટ, વરુણ ધવન અને સિદ્ધાર્થ મલ્હોત્રા જેવા કલાકારોને ઓળખ અપાવી હતી. આ વારસાનો ભાગ બનવા અંગે શનાયાએ કહ્યું હતું, "જ્યારે મેં 'સ્ટુડન્ટ ઓફ ધ યર'નું નામ સાંભળ્યું ત્યારે સ્વાભાવિક રીતે વિચાર આવ્યો કે આપણે એક મહત્ત્વની ફ્રેન્ચાઈઝીને આગળ ધપાવી રહ્યાં છીએ. આ કરણ જોહરની ફ્રેન્ચાઈઝી છે, તેમનું પોતાનું બાળક છે. આલિયા ભટ્ટ, વરુણ ધવન અને સિદ્ધાર્થ મલ્હોત્રા જેવા કલાકારો આ ફ્રેન્ચાઈઝીમાંથી મળ્યા છે. હું મોટી થઈ ત્યારે તેમને જોતી હતી અને આજે પણ કલાકાર, મિત્ર તથા માર્ગદર્શક તરીકે તેમની પાસેથી ઘણું શીખું છું. આ શો દ્વારા આ વારસાને આગળ લઈ જવો મારા માટે મોટી વાત છે." જોકે, આ જવાબદારીનું દબાણ પોતાના પર હાવી ન થાય તે માટે તેણે સ્ક્રિપ્ટને એક નવા પ્રોજેક્ટ તરીકે જોવાનો નિર્ણય કર્યો હતો.

શનાયાએ કહ્યું, "જ્યારે મેં સ્ક્રિપ્ટ વાંચી ત્યારે હું આ જવાબદારીનો ભાર મન પર રાખવા માગતી નહોતી. મેં તેને રીમાએ આપેલી એક સ્ક્રિપ્ટ તરીકે જોઈ અને વિચાર્યું કે તેની તૈયારી કેવી રીતે કરવી તથા તેને પોતાની ઓળખ કેવી રીતે આપવી. અમે સૌએ આ જ રીતે કામ કર્યું. જૂની ઓળખથી અલગ થઈને ૨૦૨૬ માટે કંઈક નવું અને અલગ બનાવવું સહેલું નહોતું. આ સિરીઝમાં ડાર્ક ટોન અને નવો વળાંક છે, જેણે મારા માટે આ પ્રોજેક્ટને વધુ રસપ્રદ બનાવ્યો."

કારકિર્દીની શરૂઆતમાં જ ડબલ રોલ ભજવવો શનાયા માટે બીજો મોટો પડકાર હતો. શનાયાએ કહ્યું, "મારી અભિનયની સફર હમણાં જ શરૂ થઈ છે અને હું હજી શીખી રહી છું. બંને પાત્રો કેવી રીતે ભજવવાં તે અંગે રીમાએ મને માર્ગદર્શન આપ્યું. કેટલીકવાર એક જ દિવસે બંને પાત્રો ભજવવાનાં હોવાથી શૂટિંગ પડકારજનક હતું. જોકે, અમે બંને પાત્રોના દેખાવ, સ્વભાવ, શારીરિક હાવભાવ, બોડી લેંગ્વેજ, બોલવાની ઢબ અને અવાજ પર ખૂબ તૈયારી કરી હતી. રિહર્સલ દરમિયાન જ બધું યોગ્ય રીતે ગોઠવાઈ ગયું હતું."

ભરૂચમાં વિકાસના કામોની ગુણવત્તા સામે સવાલો

૬૬ કરોડના બ્રિજમાં લોકાર્પણના ૧૦૦ દિવસમાં જ મોટી તિરાડો પડી

જંબુસર-આમોદને જોડતા ડોલીયા-દેણવા બ્રિજના RCC માર્ગમાં તિરાડો, કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની કામગીરી સામે સવાલો ઊઠ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ, તા.૧૮



ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકાને જોડતા ડોલીયા-દેણવા બ્રિજના નિર્માણ કાર્યમાં મોટા પાયે ભ્રષ્ટાચારની પોલ ખુલી છે. રૂ. 66 કરોડના ખર્ચે બનાવવામાં આવેલા બ્રિજના લોકાર્પણને માંડ 100 દિવસ જ પૂરા થયા છે, તેવામાં બ્રિજના RCC માર્ગમાં મોટી તિરાડો પડવાની શરૂઆત થઈ ગઈ છે અને તેના કારણે આ બાબત હાલ ભારે ચર્ચાનો વિષય બની છે.પ્રાપ્ત થયેલી માહિતી મુજબ રૂ. 66 કરોડના ખર્ચે મહેસાણાની રાધે એસોસિએટ્સ દ્વારા આ કામ કરવામાં આવ્યું હતું. નબળી ગુણવત્તાવાળા મટિરિયલના કારણે રોડ વચ્ચે મોટી તિરાડ પડી જતાં રાહદારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતના આક્ષેપ થઈ રહ્યાં છે. 100 દિવસમાં જ બ્રિજનો રોડ તૂટી જતો હોય તો એક વર્ષમાં આ બ્રિજની શું હાલત થશે? એવા સવાલ લોકમુખે ચર્ચી રહ્યાં છે.રૂ. 66 કરોડના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા કેવળ વેઠ જ ઉતારવામાં આવી છે. સ્થળ નિરીક્ષણ કર્યા વિના જ સીધું ફિટનેસ સર્ટિફિકેટ આપી દેનાર જવાબદાર અધિકારીઓની કામગીરી શંકાના દાયરામાં છે. ભ્રષ્ટાચારના કારણે પ્રજાના કરોડો રૂપિયા વેડફાઈ રહ્યા હોવાનો લોકોમાં પણ ભારે રોષ ફાટી નીકળ્યો છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કિરણસિંહ મકવાણાએ પણ આ અંગે ઉગ્ર વિરોધ કર્યો છે.અગાઉ અંકલેશ્વર ઓએનજીસી બ્રિજ અને અંદાડા ગામે કરોડોના આરસીસી રોડમાં પણ ભ્રષ્ટાચારની બૂમો ઊઠી હતી, જેમાં જિલ્લા પંચાયતે રોડ તોડી નવો બનાવવા આદેશ આપવો પડ્યો હતો. આ ઉપરાંત પરીએજ ગામે ભૂખી ખાડીનું નાળું લોકાર્પણના એક જ મહિનામાં તૂટી ગયું હતું અને આમોદ નેશનલ હાઈવે-64 ચોમાસામાં જ ધોવાઈ ગયો હતો. કોન્ટ્રાક્ટરો દ્વારા વારંવાર વેઠ ઉતારવામાં આવતી હોવાથી અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

મોંઘવારી-બેરોજગારી મુદ્દે સરકારને ઘેરવાની તૈયારી

કોંગ્રેસ પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા ગુજરાતના પ્રવાસે

પ્રદેશ નેતાઓ, ધારાસભ્યો અને પૂર્વ સાંસદો સાથે બેઠકો; જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ૨૫થી ૪૦ ટકા વધારાનો આક્ષેપ



(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં આગામી રાજકીય લડાઈ માટે કોંગ્રેસે જનતાને સ્પર્શતા પ્રશ્નોને કેન્દ્રમાં રાખવાની કવાયત શરૂ કરી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને ગુજરાતના પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા બે દિવસીય ગુજરાત પ્રવાસે અમદાવાદ પહોંચ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોની સમસ્યાઓ અને ખેતમજૂરોના પ્રશ્નો મુદ્દે રાજ્ય સરકારને ઘેરવા માટે પક્ષના નેતાઓ સાથે રણનીતિ ઘડી રહ્યા છે.

અમદાવાદ આગમન બાદ સુરજેવાલાએ મોંઘવારીના મુદ્દે સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ૨૫થી ૪૦ ટકા સુધીનો વધારો થયો છે. પરિણામે સામાન્ય પરિવારો અને ખાસ કરીને ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે ઓઈલ કંપનીઓએ રૂ. ૩૫ હજાર કરોડનો નફો કમાયો છે, જ્યારે મોંઘવારીનો બોજ સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહ્યો છે.

સુરજેવાલાના બે દિવસીય પ્રવાસ દરમિયાન પ્રદેશ કોંગ્રેસની પોલિટિકલ અફેર્સ કમિટી, ધારાસભ્યો અને પૂર્વ સાંસદો સાથે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોમાં રાજ્ય અને દેશને અસર કરતા વિવિધ જનહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. ખાસ કરીને વધતી મોંઘવારી, યુવાનોમાં બેરોજગારી, ખેડૂતોની પડતર સમસ્યાઓ અને ખેતમજૂરોની સ્થિતિ જેવા મુદ્દાઓ પર પક્ષના નેતાઓ સાથે મંથન કરવામાં આવી રહ્યું છે. આ પ્રશ્નોને સંગઠનાત્મક અને રાજકીય સ્તરે કેવી રીતે ઉઠાવવા તથા જનતા સુધી પહોંચાડવા તે અંગે પણ ચર્ચા થવાની છે.

ગુજરાત કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલ દ્વારા આયોજિત સ્નેહમિલન સમારોહમાં પણ સુરજેવાલા ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમ દરમિયાન પક્ષના આગેવાનો અને કાર્યકરો સાથે જનતાના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવશે. કોંગ્રેસ આગામી સમયમાં મોંઘવારી અને બેરોજગારી સહિતના મુદ્દાઓને વધુ આક્રમક રીતે ઉઠાવવાની તૈયારીમાં છે. પક્ષનું માનવું છે કે સામાન્ય નાગરિકોને અસર કરતા પ્રશ્નોને રાજકીય ચર્ચાના કેન્દ્રમાં લાવી સરકારને જવાબ આપવા માટે મજબૂર કરી શકાય. સુરજેવાલાના આ પ્રવાસને ગુજરાતમાં કોંગ્રેસની આગામી રાજકીય અને સંગઠનાત્મક તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે.

પથ્થરમારામાં કોચનો કાચ તૂટ્યો

સુરત નજીક ચાલુ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો



સચિન અને ભેસ્તાન સ્ટેશન વચ્ચે અસામાજિક તત્વોનું કૃત્ય; અચાનક કાચ તૂટવાના અવાજથી મુસાફરોમાં ગભરાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૧૮

ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે દોડતી અત્યંત આધુનિક ગાંધીનગર-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને સુરત નજીક અસામાજિક તત્વોએ નિશાન બનાવી હોવાની ઘટના સામે આવી છે. ગત સાંજે સચિન અને ભેસ્તાન રેલવે સ્ટેશન વચ્ચે પૂરઝડપે પસાર થઈ રહેલી આ ટ્રેન પર અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતા એક કોચની બારીનો કાચ તૂટી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગરથી મુંબઈ તરફ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ગત સાંજે આશરે પઃ૩૦ વાગ્યાના સુમારે સુરત નજીક સચિન અને ભેસ્તાન રેલવે સ્ટેશન વચ્ચેના ટ્રેક પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન બહારથી કેટલાક અજાણ્યા તત્વોએ ચાલુ ટ્રેન પર પથ્થર ફેંક્યા હતા. પથ્થર વાગવાને કારણે ટ્રેનના એક કોચની બારીનો કાચ તૂટી ગયો હતો. અચાનક કાચ તૂટવાના મોટા અવાજથી કોચમાં બેઠેલા મુસાફરોમાં ભારે ગભરાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ પણ મુસાફરને શારીરિક ઈજા પહોંચી ન હતી.

રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાની આ ઘટનાને પગલે રેલવે તંત્ર અને સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી હતી. આ મામલે રેલવે પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ દાખલ કરી છે.

હાલમાં રેલવે પોલીસ અને આરપીએફ (RPF)ની ટીમો દ્વારા સચિન તથા ભેસ્તાન રેલવે ટ્રેકની આસપાસના વિસ્તારોમાં સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે, જેથી મુસાફરોના જીવ જોખમમાં મૂકનારા જવાબદાર તત્વોને વહેલી તકે ઝડપીને તેમની સામે કડક કાર્યવાહી કરી શકાય.


નીતિન ગડકરીના નિવેદનથી ચર્ચા

દેશના ૪૦ ટકા પ્રદૂષણ માટે હું જવાબદાર : કેન્દ્રિય મંત્રી

રસ્તાઓના વિસ્તરણ સાથે વાહનોની સંખ્યામાં વધારો થયો હોવાનો સ્વીકાર; ઈથેનોલ અને બાયોફ્યુઅલ અપનાવવા પર ભાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮



દેશમાં સતત વધી રહેલા પ્રદૂષણ વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે દેશના પ્રદૂષણમાં વાહનોનો હિસ્સો આશરે ૪૦ ટકા હોવાનો ઉલ્લેખ કરતાં પોતાના મંત્રાલયની જવાબદારી પણ સ્વીકારી હતી. રસ્તાઓ અને હાઈવેના વિસ્તરણ સાથે વાહનોની સંખ્યામાં થયેલા વધારાને કારણે પર્યાવરણ સામે નવા પડકારો ઊભા થયા હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગડકરીના જણાવ્યા અનુસાર, દેશમાં માર્ગ પરિવહન અને માળખાકીય સુવિધાઓનો ઝડપથી વિકાસ થયો છે. જોકે, તેની સાથે વાહનોનો ઉપયોગ પણ વધ્યો છે, જે હવાના પ્રદૂષણનું એક મહત્ત્વપૂર્ણ કારણ બન્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે પેટ્રોલ અને ડીઝલ પરની નિર્ભરતા ઘટાડીને વૈકલ્પિક ઈંધણ તરફ આગળ વધવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ પરંપરાગત ઈંધણના વિકલ્પ તરીકે ઈથેનોલ અને બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. તેમના મતે, દેશમાં પ્રદૂષણ ઘટાડવા માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ વધારવો જરૂરી છે. ઈથેનોલ આધારિત ઈંધણ અને અન્ય વૈકલ્પિક ઊર્જા સ્રોતો અપનાવવાથી પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે.

તેમણે પરિવહન ક્ષેત્રમાં પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી અપનાવવા અને હરિત ઊર્જાના ઉપયોગને વેગ આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ગડકરીએ દેશના ઓટોમોબાઈલ ઉદ્યોગની પ્રગતિ અંગે પણ મહત્ત્વપૂર્ણ વિગતો રજૂ કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, ભારતનો ઓટોમોબાઈલ ઉદ્યોગ અગાઉ આશરે રૂ. ૧૪ લાખ કરોડના કદનો હતો, જે વધીને હવે રૂ. ૨૨ લાખ કરોડ સુધી પહોંચ્યો છે.

વૈશ્વિક ઓટોમોબાઈલ બજારમાં પણ ભારતે નોંધપાત્ર પ્રગતિ કરી છે. અગાઉ સાતમા સ્થાને રહેલો ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ હવે વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. દેશમાં હાઈવે, એક્સપ્રેસ-વે અને અન્ય માળખાકીય સુવિધાઓનો વિસ્તાર આર્થિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. પરંતુ વાહનોની વધતી સંખ્યા અને તેના કારણે સર્જાતા પ્રદૂષણને નિયંત્રિત કરવું પણ એટલું જ જરૂરી બન્યું છે.

એક તરફ ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ભારતની વૈશ્વિક ઓળખ મજબૂત બની રહી છે, તો બીજી તરફ પર્યાવરણની જાળવણીનો પડકાર પણ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ઈલેક્ટ્રિક વાહનો, વૈકલ્પિક ઈંધણ અને ગ્રીન એનર્જીનો વ્યાપ વધારવો આગામી સમયની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત બની રહેશે.

સુરતની OYO હોટેલમાં પોલીસ કાર્યવાહીની કરુણ ઘટના

AHTUની રેડ પડતાં OYO હોટેલ સંચાલકે ચોથા માળેથી ઝંપલાવ્યું

વેસુની RS હેરિટેજ હોટેલમાં દેહવ્યાપારની બાતમીના આધારે કાર્યવાહી, સંચાલકના મોત મામલે ઉમરા પોલીસની તપાસ શરૂ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૧૮

સુરતમાં છાશવારે ક્રાઈમની ઘટનાઓ બનતી રહે છે. શહેરના વેસુમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા મંગળવારે એક હોટેલમાં દરોડા પાડવામાં આવ્યાં હતાં. ચોંકાવનારી વાત એ છે કે, હોટેલ પર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની રેડ પડી હોવાથી ગભરેયા આરએસ હેરિટેજ ઓયો હોટેલના સંચાલક બિલ્ડિંગના ચોથા માળેથી કુદી પડ્યાં હતાં. જેથી આ સમગ્ર ઘટના અત્યારે ચર્ચાનું કેન્દ્ર બની છે. વિગતે વાત કરવામાં આવે તો, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા વેસુ વિસ્તારમાં આવેલી ઈજી હેરિટેજ ઓયો હોટેલ પર દરોડા પાડવામાં આવ્યાં હતાં. પરંતુ હોટેલ પર રેડ પગી હોવાની જાણ થતા હોટેલ સંચાલક રાજેશ રઘુવરસિંહ બિલ્ડિંગના ચોથા માથેળી નીચે કૂદી પડ્યાં હતાં. જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમનું સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું. રાજેશ રઘુવરસિંહ મૂળ હરિયાણાના વતની હતાં. તેઓ સુરતના મગદલ્લા ગામમાં રહેતા હતા અને આરએસ હોટેલમાં નોકરી કરતા હતાં. રાજેશ રઘુવરસિંહનું મૈત્રી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. રેડની વાત કરવામાં આવે તો, સફલ સ્ક્વેરમાં દેહવ્યાપારનો ધંદો ચાલી રહ્યો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી ચોક્કસ હતી પરંતુ છતાં વાત કન્ફર્મ કરવા માટે પોલીસે પહેલા ડમી ગ્રાહક બનીને તપાસ શરૂ કરી હતી. અહીં ડમી ગ્રાહક પાસેથી ૯૦૦૦ રૂપિયા લેવામાં આવ્યાં હતાં. આ તપાસ દરમિયાન દેહવ્યાપારને ધંધો ચાલી રહ્યો હોવાનું પ્રમાણિત થયું હતું. જેથી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ટીમ દ્વારા રેડ પાડવામાં આવી હતી હોટેલ સંચાલકે આત્મહત્યા કરી તે કેસમાં પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. RS હેરિટેજ ઓયો હોટેલ ચલાવતા રાજેશશિંહના આપઘાત બાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે, અને આગળની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે.

પોલીસે હોટેલ સંચાલકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જો કે, હોટેલ સંચાલકે આત્મહત્યા શા કારણે કરી તે અંગે હજી ચોક્કસ વિગતો પ્રકાશમાં આવી નથી! તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

મોંઘવારીનો ડામ

ગેસ, તેલ, દૂધ અને પેટ્રોલના ભાવવધારાથી સામાન્ય પરિવારનું બજેટ ખોરવાયું



(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં વધતી મોંઘવારીને લઈને રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, દૂધ, પેટ્રોલ-ડીઝલ, CNG અને PNG સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થતાં સામાન્ય પરિવારોના ઘરગથ્થુ બજેટ પર વધતો બોજ પડ્યો હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. વધતા ખર્ચ વચ્ચે મધ્યમ વર્ગ અને ગૃહિણીઓ માટે રોજિંદા જીવનનું સંચાલન મુશ્કેલ બની રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

મોંઘવારીના મુદ્દે સરકાર સામે આક્રમક વલણ અપનાવતા કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે જીવનજરૂરી વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાદ્યતેલના ભાવમાં થયેલા વધારા સાથે પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવની અસર પણ પરિવહન તથા અન્ય ચીજવસ્તુઓના ખર્ચમાં જોવા મળી રહી છે. ખાસ કરીને ઈંધણના ભાવ વધવાથી માલસામાનના પરિવહન ખર્ચમાં વધારો થઈ શકે છે, જેનો સીધો કે આડકતરો પ્રભાવ ગ્રાહકોના બજેટ પર પડે છે.રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ પ્રાથમિક ચીજવસ્તુઓમાં મોંઘવારીનો દર સપ્ટેમ્બરના ૮.૬૭ટકાથી વધીને ઓક્ટોબરમાં ૯.૨૪ ટકા થયો હોવાનો દાવો છે. ઈંધણ અને વીજળી ક્ષેત્રે પણ વધારો દર્શાવવામાં આવ્યો છે. ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ તથા વીજદરમાં વધારા અંગે પણ સરકારની નીતિઓ સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

મોંઘવારીના મુદ્દે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે સરકાર સામે આક્રમક વલણ અપનાવી આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં જનઆંદોલન કરવાની ચીમકી આપી છે. સામાન્ય નાગરિકો, મધ્યમ વર્ગ અને ગૃહિણીઓના પ્રશ્નોને લઈને રસ્તા પર ઉતરી વિરોધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. સરકાર જનતાને મોંઘવારીમાંથી રાહત આપવા માટે અસરકારક પગલાં ભરે તેવી માગ પણ કરવામાં આવી છે.

મોંઘવારીને લઈને રાજકીય પક્ષો વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર તેજ બન્યો છે. બીજી તરફ સતત વધતા ઘરગથ્થુ ખર્ચ વચ્ચે સામાન્ય પરિવારોને રાહત કેવી રીતે મળે તે મહત્વનો મુદ્દો બની રહ્યો છે. ખાદ્ય ચીજવસ્તુઓ, ઈંધણ અને ઘરગથ્થુ ઉપયોગની વસ્તુઓના ભાવ પર નિયંત્રણ તથા યોગ્ય નીતિગત પગલાં અંગે હવે સરકાર પાસેથી સ્પષ્ટતા અને રાહતની અપેક્ષા વધી રહી છે.

સુરતથી બિલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનનો ૫૦ કિમીનો રૂટ તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૧૮

સુરતથી બિલીમોરા વચ્ચેનો ૫૦ કિલોમીટર લાંબો રેલવે રૂટ સંપૂર્ણપણે તૈયાર થઈ ગયો છે. આ સેક્શનમાં અપ અને ડાઉન એમ બંને લાઈનનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. હવે આ રૂટ પર બુલેટ ટ્રેન દોડાવવાની દિશામાં મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ આગામી ૨૦ નવેમ્બરથી ટ્રેક પર ટ્રાયલ રન શરૂ કરવાની તૈયારી છે.

સુરત-બિલીમોરા વચ્ચેના હાઈસ્પીડ રેલવે ટ્રેકનું બાંધકામ પૂર્ણ થયા બાદ હવે ઓવરહેડ ઈલેક્ટ્રિકલ સિસ્ટમને ટ્રેક સાથે જોડવાની કામગીરી હાથ ધરાશે. આ ટ્રાયલ દરમિયાન ટ્રેક અને વીજળીની વ્યવસ્થાની કાર્યક્ષમતા ચકાસવામાં આવશે. હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ માટે આ એક મહત્વપૂર્ણ તબક્કો સાબિત થશે.

આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે બુલેટ ટ્રેન માટે જાપાનની અદ્યતન ઓવરહેડ ટ્રેક્શન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સિસ્ટમ હાઈસ્પીડ ટ્રેન દોડતી વખતે વીજળીના સતત પુરવઠા અને ટ્રેન તથા ઓવરહેડ વાયર વચ્ચે યોગ્ય સંપર્ક જાળવવામાં મદદરૂપ બનશે. પ્રોજેક્ટની ડિઝાઈન મુજબ બુલેટ ટ્રેન ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ઝડપે દોડી શકે તેવી ક્ષમતા ધરાવશે બુલેટ ટ્રેનને અવિરત વીજળી મળી રહે તે માટે સમગ્ર કોરિડોરમાં ૧૪ સબસ્ટેશનનું મજબૂત નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રેલવે ટ્રેક સુધી વીજળી પહોંચાડવા માટે રૂટ પર આશરે ૨૨ હજાર સ્ટીલના થાંભલાઓ ઊભા કરવામાં આવ્યા છે.

સુરતથી બિલીમોરા વચ્ચે ટ્રાયલ રન શરૂ થવાની તૈયારીને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની દિશામાં મોટી પ્રગતિ તરીકે જોવામાં આવી રહી છે. ટ્રાયલ દરમિયાન ટ્રેક, વીજળી અને અન્ય ટેક્નિકલ વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવશે.

આ સફળતાથી ગુજરાતમાં હાઈસ્પીડ રેલવે પ્રોજેક્ટની કામગીરીને વધુ વેગ મળવાની આશા છે. જોકે, ટ્રાયલ રન શરૂ થવો એટલે મુસાફરો માટે નિયમિત સેવા શરૂ થવી નહીં; તેના માટે હજુ આગળના પરીક્ષણો અને જરૂરી મંજૂરીઓ પૂર્ણ કરવાની રહેશે.

કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

જમીન સંપાદન વિભાગ, દમણ

પુનર્વસન અને પુનઃસ્થાપન યોજના અંગેની સૂચના અને મુસદ્દો

હેતુઃ મોટી દમણના દમણવાડા ગામમાં પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન.

પુનર્વસન અને પુનઃસ્થાપન યોજના અંગેની સૂચના અને મુસદ્દો

નંબર 3/141/LND-ACQ/2025-26/1584 Dated:17.11.2026

3/141/LND-ACQ/2025-26/1585 Dated:17.11.2026

કૃપા કરીને વિગતો માટે સ્કેન કરો. અથવા https://ddd.gov.in/

ગામઃ દમણવાડા, મોટી દમણ

સંપાદનનું ક્ષેત્રફળઃ ૨૩૫૭૦.૦૦ ચો.મી.

જમીન સંપાદન કલેક્ટર, દમણ

No. IP/DMN/2/5/2026-27/649, Dated: 18/11/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપી અભિષેક જ્વેલર્સ માલિક પર હુમલા પ્રકરણમાં પોલીસે કલાકોમાં જ ત્રણ આરોપીને દબોચ્યા

આરોપીઓનું હુમલા પ્રકરણ અને ખંડણી વચ્ચે કોઈ કનેક્શન છે કે કેમ તે દિશામાં પોલીસે હાથ ધરેલી તપાસ

માલિક લલીતના મોટાભાઈ પ્રદિપ ઉપર યુ.કે.ના નંબરથી વોટ્સએપ કોલ કરાયેલ પરિવારને ખેતમ કરવાની ધમકી અપાઈ હતી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૮

વાપી ટાઉન યુનિયન બેંક ઓફ ઈન્ડિયા પાસે આવેલ અભિષેક જ્વેલર્સના માલિક ઉપર ગતરોજ મંગળવારે ત્રણ ઈસમોએ દુકાનમાં ઘુસી માલિક ઉપર જીવલેણ ઘાતકી હુમલાની ઘટના ભર બજારમાં ધોળે દિવસે ઘટી હતી. જેમાં હુમલાખોર ભાગી છુટ્યા હતા. પણ ત્રણ પૈકી એકને વેપારીઓએ ઝડપી લીધો હતો. ઘટના બાદ એક્શનમાં આવેલી ટાઉન પોલીસ ટીમે ફરાર થઈ ગયેલા અન્ય બે આરોપીઓને પણ કલાકોમાં જ દબોચી લીધા હતા. આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વાપી અભિષેક જવેલર્સમાં ખૂની ઘાતકી હુમલામાં બન્યું એવું હતું કે માલિક લલિત બપોરે લઘુ શંકા કરવા ગયા હતા. પરત ફરતી વેળાએ અગાઉથી ઘાત લગાવીને બેઠેલા ત્રણ પૈકી એક શખ્સે પાછળથી ગળાના ભાગે ચપ્પુ મારી દીધું હતું. લોહીલુહાણ હાલતમાં લલીતે બુમાબુમ કરી હતી. તેથી આસપાસના વેપારીઓ દોડી આવ્યા હતા. જેમાં એકને દબોચી લેવાયો હતો. ઘટનાની જાણ પણ ડીવાયએસપી બી.એન.દવે, પી.આઈ. કે.બી.ઝાલા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બાદમાં પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમા હૂમલા પાછળ અગાઉની ધમકીનું કનેક્શન ચર્ચામાં છે. અગાઉ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ લલીતના મોટા ભાઈ પ્રદીપ ઉપર યુકે (+44) નંબરથી વોટ્સએપ કોલ કરીને કુખ્યાત ગેંગના વિરોધી સભ્યની ઓળખ આપી પરિવારને ખતમ કરવાની ધમકી આપી પાંચ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. તે સમયે આ બાબતે પરિવારે વાપી ટાઉન પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. હાલ પોલીસ તપાસ ચાલુ છે. આરોપીઓનું હુમલા પ્રકરણ અને ખંડણી વચ્ચે કોઈ કનેક્શન છે કે કેમ તે દિશામાં તપાસ આગળ આરંભાઈ છે.

આપણે જેટલા નમ્ર અને નિખાલસ બનીએ, સંબંધોમાં એટલી જ મીઠાશ વધે

સરળતા એક એવું ભૂષણ છે જે પહેર્યા વગર પણ આજીવન શોભા વધારી શકે છે, સરળતા આપણને નમ્ર બનાવે છે, નમ્રતા સંબંધોમાં મીઠાશ લાવે છે અને મીઠાશ જીવનને સુખમય બનાવે છેઃ બીજાને બદલવા કરતાં પોતાની જાતને બદલવાનો પ્રયત્ન કરીએ તો જીવનની અનેક સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ જાય!

નૂતન વર્ષાભિનંદન!

હા, નવી ઊર્જા સાથે આપણે સૌએ નૂતન વર્ષમાં પ્રવેશ કરી લીધો!

દિવાળીના દિવસોમાં આપણે સૌએ શુભેચ્છાઓનો સૌ પર મેહ વરસાવ્યો. કેટલાંકે નિખાલસતાથી ગત વર્ષે જાણે-અજાણે થયેલી ભૂલો માટે માફી પણ માંગી હશે. વાત પણ સાચી છે કે દિવાળીના પર્વમાં આવી નિખાલસતા વ્યક્ત કરવામાં કોઈને સંકોચ ન અનુભવાય!

કોઈ અણબનાવ થયો હોય તો પણ દિવાળીની તકનો લાભ લઈ મીઠાઈ મોકલી ભૂલો પર વાઇટ વૉશ મારી શકાય. સામેની વ્યક્તિ પણ ભૂલો માફ કરવા તૈયાર થઈ જાય.

એટલું તો નક્કી જ છે કે, 'તમે વેંત નમો તો સામે વાળો હાથ નમે.'

આપણે જેટલા નમ્ર અને નિખાલસ બનીએ, સંબંધોમાં એટલી જ મીઠાશ વધે.

એક દીકરી દોઢેક વર્ષ પછી પિયર આવી. કરમાઈ ગયેલી પોતાની દીકરીને જોઈ માની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યાં. સાસરે ખૂણે બેસી પાલવની આડશમાં આંસુ વહેડાવતી દીકરી આજે મમ્મીના ખોળામાં માથું મૂકી ખૂબ રડી.

''મમ્મી, હવે હું સાસરે નહીં જાઉં!'' બસ, એક જ વાક્યમાં મમ્મી સમજી ગઈ. ''સારું બેટા, આ ઘર તારું જ છે ને! તને અહીં રહેવાની કોણ ના પાડે છે?''

મમ્મીના આ શબ્દોથી દીકરીને જાણે નવું જીવન મળ્યું.

થોડા દિવસોમાં તો તેની મમ્મીએ દીકરીની સમસ્યાનો તાગ મેળવી લીધો.

સમસ્યા કોમન હતી—સાસુની પજવણી! પણ દીકરી આમ પિયરમાં રહે તો સમાજમાં પરિવાર મોઢું કેવી રીતે બતાવી શકે? એટલે મમ્મીએ દીકરીને એકાંતમાં બોલાવી સાસુનું કાટલું કાઢી નાખવાનો એક સરળ ઉપાય બતાવતાં કહ્યું, ''જો બેટા, હું તને આ કાજુ, બદામ અને એલચીવાળો મસાલો આપું છું. તેમાં ધીમું ઝેર નાખ્યું છે. લગભગ બે-એક મહિના ચાલશે. તારે દરરોજ સવારે તારી સાસુને દૂધમાં આપવાનો. ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી! લગભગ ત્રણેક મહિનામાં બધું સગેવગે થઈ જશે. પણ એક વાતનું ધ્યાન રાખવાનું. તેની સેવા બરાબર કરવાની. કોઈને આ વાતની ગંધ પણ ન આવવી જોઈએ.''

દીકરીમાં નવું જોમ આવી ગયું.

મસાલો લઈ તે તો સાસરે ગઈ. સાસુની સેવામાં તે એવી જોડાઈ કે સાસુ પાણી પાણી થઈ ગઈ. સાસુ દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત. સાસુના વચને તે ઓળઘોળ થઈ ગઈ.

દીકરીના મનમાં એમ કે હવે સાસુ થોડાં દિવસનાં મહેમાન છે, તો બરાબર સેવા કરી લેવી. તેણે સાસુની વાતોનો વિરોધ કરવાને બદલે પ્રેમથી સાંભળવાનું, તેમની નાની-મોટી જરૂરિયાતો પૂરી કરવાનું અને ઘરની જવાબદારી સ્વીકારવાનું શરૂ કર્યું.

સાસુ પણ વહુના આ પરિવર્તનથી રાજી થઈ ગઈ. તેણે થોડા દિવસમાં જ ઘરનો કારભાર વહુને સોંપી દીધો.

પછી તો એવું થયું કે સાસુ વહુને પૂછ્યા વિના પાણી પણ ન પીએ! બંનેના સંબંધો સુધરી ગયા.

પછી તો વહુને મૂંઝવણ થવા લાગી કે સાસુ ન મરે તો સારું!

તે ફરીથી પિયર આવી. તેની મમ્મીને સાસુના બદલાવની વાત કરી. સાસુ મરી જશે તેની ચિંતા તેને સતાવવા લાગી.

મમ્મીએ દીકરીના માથા પર પ્રેમાળ હાથ મૂકી કહ્યું, ''બેટા, તારી સાસુ નહીં મરે!''

''પણ મમ્મી...''

દીકરી કંઈ બોલે તે પહેલાં જ મમ્મી બોલી, ''ઝેર કેવું ને વાત કેવી? મેં તો ઝેર આપ્યું જ નહોતું!''

''શું વાત કરે છે?''

''હા બેટા, સાસુને બદલાવી ન શકાય, પરંતુ તારી જાતને તો બદલાવી શકાય ને! આ મારો સરળતાનો કીમિયો તને બદલવાનો હતો, નહીં કે તારી સાસુને! તું બદલાઈ તો સાસુ બદલાઈ ગઈ ને!''

દીકરીએ ફરી એક વાર માના ખોળામાં માથું ઢાળી દીધું.

મમ્મીનો પ્રેમાળ હાથ જીવનભર પોતાના માથા પર ફરતો રહેવાનો એ દીકરીએ અહેસાસ કર્યો!

આ દ્રષ્ટાંતનું હાર્દ છે—સરળતા અને સ્વપરિવર્તન.

આપણે ઘણીવાર બીજાને બદલવાના પ્રયત્નમાં સંબંધો બગાડીએ છીએ, પરંતુ પોતાની જાતને બદલવાનો વિચાર કરતા નથી.

સરળતા એક એવું ભૂષણ છે, જે પહેર્યા વગર પણ આજીવન શોભા વધારી શકે છે. સરળતા આપણને નમ્ર બનાવે છે, નમ્રતા સંબંધોમાં મીઠાશ લાવે છે અને મીઠાશ જીવનને સુખમય બનાવે છે.

બીજાને બદલવા કરતાં પોતાની જાતને બદલવાનો પ્રયત્ન કરીએ તો જીવનની અનેક સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ જાય! બીજાને બદલવાની ચાવી આપણા હાથમાં નથી, પરંતુ પોતાની જાતને બદલવાની ચાવી હંમેશાં આપણી પાસે છે.

સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ

જનજાતીય ગૌરવ દિવસ અંતર્ગત વલસાડના પારનેરા પારડી ખાતે મહિલા સંમેલન યોજાયું





જ્યાં મહિલાઓનું સન્માન થાય ત્યાં દેવતાઓના અસીમ આશીર્વાદ પણ મળે છે : ધારાસભ્ય ભરતભાઇ પટેલ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૮

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ અવસરે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત વલસાડના પારનેરા પારડી સ્થિત ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં મહિલા સંમેલન યોજાયું હતું. ભગવાન બિરસા મુંડાજીનું પૂજન અને દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

આ અવસરે વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ નિમિતે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે મહિલા સંમેલનનું આયોજન કરાયું છે. ભગવાન બિરસા મુંડાજીએ ૨૫ વર્ષની ઉંમરે ક્રાંતિ કરી દરેક સમાજની જાગૃતિ અને દેશની આઝાદી માટે કાર્ય કર્યું છે, જેની પાસે પ્રેરણા લઈ સમાજ ઉપયોગી કાર્યમાં સૌને સહયોગી બનવા અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યાં મહિલાઓનું સન્માન થાય ત્યાં દેવતાઓના અસીમ આશીર્વાદ પણ મળે છે. આજે મહિલાઓ શિક્ષિત બની દરેક ક્ષેત્રોમાં આગળ આવી છે, સરકારી તેમજ રાજકીય ક્ષેત્રોમાં ઉચ્ચ કક્ષાએ સ્થાન મેળવ્યું છે. દૂધ મંડળીઓમાં સહભાગી બની શ્વેતક્રાંતિ કરી આર્થિક રીતે સદ્ધર બની આત્મનિર્ભર બની રહી છે. આ તમામનો શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિને જાય છ, જેમણે મહિલાઓના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી તેનો લાભ સાચા લાભાર્થીને મળે તેની ચિંતા કરી છે.

પ્રદેશ સંગઠનના શ્રીમતી અમિતાબેન પટેલે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાનું દેશ અને સમાજ માટે મોટું યોગદાન છે, જેમના જન્મ દિવસની ઉજવણી એક સપ્તાહ સુધી કરવામાં આવી છે.

-વધુ પેજ નં.૨ પર

વલસાડથી COP31 સુધીઃ ડૉ. ભૈરવી જોશીએ વૈશ્વિક ક્લાઈમેટ મંચ પર ભારતના સાયકલિંગ અભિયાનનું કર્યું પ્રતિનિધિત્વ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ/ગુજરાત, તા.૧૮

વલસાડ અને ગુજરાત માટે ગૌરવની ક્ષણ સમાન પ્રસંગે, BYCS India Foundationનાં સ્થાપક ડિરેક્ટર અને ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના ફિટ ઈન્ડિયા મૂવમેન્ટનાં સાયકલિંગ એડવાઇઝર ડૉ. ભૈરવી જોશીએ તુર્કીમાં યોજાયેલી ૩૧મી કોન્ફરન્સ ઑફ ધ પાર્ટીઝ (COP31)માં ભારત સરકારના સત્તાવાર ફિટ ઈન્ડિયા પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમની સહભાગિતાએ વૈશ્વિક સ્તરે ભારતના વધતા જતા સામૂહિક સાયકલિંગ અભિયાન અને ટકાઉ પરિવહન ક્ષેત્રો ભારતના પ્રયાસાને ઉજાગર કર્યા હતા. તેમની સહભાગિતાનું મુખ્ય આકર્ષણ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ પેવેલિયનમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય પેનલ ચર્ચાનું સંચાલન હતું. સાયકલિંગ, ટકાઉ પરિવહન અને આબોહવા પરિવર્તન અંગેની આ ચર્ચામાં BYCS Amsterdam,

-વધુ પેજ નં.૨ પર

'વીબી-જી રામ જી' અંતર્ગત વિકસિત ગ્રામ પંચાયત પ્લાન (VGPP) બનાવવા એક દિવસીય વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૮

ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગની સૂચના અન્વયે વિકસિત ભારત- ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) એટલે કે વીબી-જી રામ જી અધિનિયમ, ૨૦૨૫ અંતર્ગત રાજ્યની તમામ ગ્રામ પંચાયતો દ્વારા તૈયાર કરવાના થતા વિકસિત ગ્રામ પંચાયત પ્લાન (VGPP) પર એક દિવસીય વર્કશોપ તા.૧૭ નવેમ્બર,૨૦૨૬ના રોજ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા), અમદાવાદ ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો.

આ વર્કશોપ ગુજરાત રાજ્યના ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તથા રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાના વિશેષ નિયામક સી.સી.કોટકની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. વર્કશોપમાં વીબી-જી રામ જીના રાજ્ય સ્તરના અધિકારીઓ, રાજ્યના ૩૪ જિલ્લાઓના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીઓ તથા જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ મળી કુલ ૧૭૦ સહભાગીઓએ ભાગ લીધો હતો.

વર્કશોપના પ્રારંભે વિશેષ નિયામક સી.સી.કોટક સર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપતાં વીબી-જી રામ જી અધિનિયમની મુખ્ય જોગવાઈઓ, વિકસિત ગ્રામ પંચાયત પ્લાનનું મહત્ત્વ, સહભાગી આયોજન, પીઆરએ ટૂલ્સ, વિવિધ વિભાગો સાથે કન્વર્જન્સ અને અધિકારીઓશ્રીની ભૂમિકા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, VGPP નીચેથી ઉપરના આયોજન દ્વારા ગામની વાસ્તવિક જરૂરિયાતોને આધારે ટકાઉ સંપત્તિ નિર્માણ અને સર્વગ્રાહી ગ્રામ વિકાસને વેગ આપશે.

-વધુ પેજ નં.૨ પર

વાપી ચણોદ ગેટ સામે મધરાતે રીક્ષા પલટી મારી ગઈઃ ચાલક નીચે દબાઈ ગયો

દબાયેલા ઘાયલ રીક્ષા ચાલકને લોકોએ માનવતા દાખવી બહાર કાઢ્યો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૮

વાપી સેલવાસ રોડ ચણોદ ગેટ સામે મંગળવારે રાત્રિના ૧૨ વાગ્યાના સુમારે એક રીક્ષા અચાનક પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં રીક્ષા ચાલક નીચે દબાઈ ગયો હતો. તેના પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. રીક્ષાને ઉભી કરીને સલામત રીતે રીક્ષા ચાલકને બહાર કાઢ્યો હતો. અકસ્માતમાં રીક્ષામાં અન્ય કોઈ મુસાફર નહોતા તેથી મોટી દુર્ઘટના ટળી હતી.

ઘાયલ રીક્ષા ચાલકને સારવાર માટે ખસેડાયો હતો. રાત્રિ દરમિયાન અકસ્માત થવાનું મુખ્ય કારણ હેડ લાઈટ જવાબદાર હોય છે. વધુ પડતા મોટા વાહનો સામે આવતા નાના વાહનો મુશ્કેલીમાં મુકાઈ જતા હોય છે. તેથી રાત્રિ ડ્રાઈવીંગ સમયે હેડ લાઈટ ડીપર મારી વાહન હાંકવું સલામત છે.

ચીખલી તાલુકાના બારોલીયા ગામે શિવ-પાર્વતીના મંદિરે દેવદિવાળી નિમિત્તે મેળો ભરાશે



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૧૮

ચીખલી તાલુકાના બારોલીયા ગામે ટીમલ ફળિયામાં ધોલધરા નદી કિનારે શિવ પાર્વતીનું પૌરાણીક મંદિર આવેલ છે.આ મંદિરમાં દંતકથા મુજબ શિવ પાર્વતી મૂર્તિ સ્વરૂપે સ્વયંભૂ મૂર્તિ પ્રકટ થયેલ હોય સમગ્ર વિસ્તારમાં અનેક લોકોની આસ્થા જોડાયેલી છે. આ મંદિરમાં વર્ષોની પરંપરા મુજબ દેવદિવાળી નિમિત્તે આગામી ૨૩મી નવેમ્બરના સોમવારના રોજ મેળો ભરાશે. આ મેળાનો અને માં પાર્વતી દેવાધિદેવ મહાદેવના દર્શનનો લાભ લેવા બારોલીયા ટીમલ ફળિયાના અગ્રણી શ્રી મુકેશભાઈ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

'નશામુક્ત યુવા-વિકસિત ભારત' અભિયાન અંતર્ગત

ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં ભિલાડ ખાતે બ્લોક કક્ષાની રમતોત્સવ સ્પર્ધા યોજાઈ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૮

મેરા યુવા ભારત, વલસાડ દ્વારા યુવાનોમાં શારીરિક તંદુરસ્તી, રમતગમત પ્રત્યે રસ, શિસ્ત, ટીમભાવના અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાના હેતુથી 'નશામુક્ત યુવા-વિકસિત ભારત' અભિયાન અંતર્ગત ભિલાડની આઈ.ટી.આઈ. ખાતે બ્લોક કક્ષાની રમતોત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનોને સંબોધતા રમતગમત અને શારીરિક કસરતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા અપીલ કરી હતી. વધુમાં યુવાનોને વ્યસનોથી દૂર રહી રમતગમત, શિસ્ત અને સ્વસ્થ જીવનશૈલી અપનાવી દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.

રમતોત્સવમાં વોલીબોલ, ખો-ખો, ૨૦૦ મીટર દોડ અને ગોળાફેંક (શોટપુટ) જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભા દર્શાવી હતી. વિવિધ સ્પર્ધાઓમાં

-વધુ પેજ નં.૨ પર